॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

એપ્રીલ ૨૦૧૬

રૂા. ૫/૦૦



















ભુજ મંદિરમાં બિરાજતા શ્રીહરિકૃષ્ણ મહારાજનો ૧૪૯મો વાર્ષિક પાટોત્સવ
પ.ભ. કાનજીભાઈ વાલજી ભુડીયા પરિવાર-સુખપરના
યજમાન પદે ધામધૂમથી ઉજવાયો તેની તસ્વીરી ઝલક.

શ્રી નરનારાયણદેવની
પ્રાગટ્ય જયંતીના દિવસે
ફુલના હિંડોળામાં ઝુલતા
શ્રી નરનારાયણદેવ-ભુજ









માંડવી મંદિરમાં બિરાજતા શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજનો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો




પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૨ કુલ અંક-૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૬ અંક-૩ એપ્રિલ-૨૦૧૬
સળંગ અંક-૩૬૨

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેક્સ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

## અનુક્રમણિકા


| | |
|---|---|
| મિથ્યા આરોપના ઊઝરડાં | ૫ |
| ધન મીમાંસા બધાની ભાષા : એક | ૭ |
| સર્વસ્વ કૃષ્ણાર્પણ.. ભક્તને અર્થે | ૧૦ |
| શ્રીહરિએ બક્ષેલી મૌલિક સાધના : માનસીપૂજા | ૧૪ |
| THROUGHWAY TO HAPPINESS | ૧૮ |
| કચરામાં કુંદનનો વાસ ! | ૨૦ |
| સંસ્થા સમાચાર | ૨૨ |
| સત્સંગ સમાચાર | ૨૫ |
| વિદેશ સમાચાર | ૩૧ |
| શ્રી ઘનશ્યામ બાળ સંદેશ | ૩૨ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**





















શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન વિલે પાર્લેના ઠાકોરજીનો ૧૮મો વાર્ષિક પાટોત્સવ ઉપક્રમે
શ્રી સ્વામિનારાયણ મહોત્સવની ઉત્સાહ પૂર્વક ઉજવણી થઈ-મુંબઈ

# તંત્રીની કલમે

'दुर्लभं भारते जन्म ।' જે ભૂમિમાં જન્મ દુર્લભ છે એ ભૂમિમાં આપણને જન્મ મળ્યા પછી એ ભૂમિની મહત્તા, વિશેષતા સમજવી જોઈએ. શ્રીહરિ અને શ્રીરામના ઉપાસકોનું આ કામ છે. શ્રીહરિ અને શ્રીરામ જયંતીના દિવસે આ કાર્ય કરવા માટે કટિબદ્ધ બનવાનું છે. શિક્ષાપત્રી, વચનામૃત, રામાયણ જેવા ગ્રંથો માનવ સમુદાયને પ્રેરણા-પ્રોત્સાહન આપી જીવન ઉર્ધ્વગામી બનાવે છે.

શ્રીહરિએ વસંતની શરૂઆતમાં જ માનવ સમુદાયને શિક્ષાપત્રીની ભેટ અર્પણ કરી. તે સમયે સમાજની પછાત ગણાતી જાતિઓમાં વહેમ, અંધશ્રદ્ધા, અજ્ઞાનતા સાથે દારૂ, જુગાર અને વ્યસનો, ચોરી, લૂંટફાટ જેવા બનાવોથી સમાજનું વાતાવરણ દૂષિત થતું હતું. જીવનમાં વસંતની જરૂરિયાત રહેલી છે. લોકો આનંદ, ઉલ્લાસ અને સુખશાંતિથી ચેનપૂર્વક રહે તેવું જીવન જીવવાની જરૂરિયાત છે. સમાજ સંસ્કાર સભર હોવો જોઈએ, જીવનમાં સ્વતંત્રતા હોય પણ સ્વચ્છંદતા ન હોવી જોઈએ. જીવનમાં વૈભવ હોય પણ વિલાસ ન હોવો ઘટે. જીવનમાં મર્યાદાની દોર જકડીને રાખવી જરૂરી છે. સંયમ વિનાનો શણગાર માનવને પાગલ બનાવે છે. તેથી વસંતની શરૂઆતમાં શિક્ષા એટલે કે જીવનનું સાચું શિક્ષણ શ્રીહરિએ આપ્યું.

સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ નવમી સોમવારના દિવસે રાત્રે સર્વકારણના કારણ સર્વાવતારી પૂર્ણ પૂર્ણપુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાદુર્ભાવ થયો છે. તે સમયે સર્વ ગ્રહો યોગ્ય અને અનુકૂળ સ્થાને હતા. આવા અનુકૂળ વાતાવરણમાં અનંત જીવાત્માઓના આત્યંતિક કલ્યાણ અર્થે આપણા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાન ઉત્તર કૌશલ દેશમાં પ્રગટ થયા હતા.

આ દિવસે ઉપવાસ કરી વ્રત કરવું. શ્રીહરિની મહા પૂજા કરવી. જે મનુષ્ય આ પ્રમાણે ભક્તિપૂર્વક શ્રીહરિનું વ્રત કરે છે. તેના અનેક જન્મના કરેલાં સઘળાં પાપો ભસ્મીભૂત થઈ જાય છે અને તે પરમધામને પામે છે.


મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચંદ્રજીનો જન્મ ચૈત્ર સુદ નવમીના બપોરે બાર વાગ્યે થયો. શ્રીરામનો જન્મ બપોરમાં ધગધગતા તાપમાં થયો. જીવ અને જગત જ્યારે આધિ, વ્યાધિ ઉપાધિગ્રસ્ત હોય ત્યારે શાંતિ અને સુખ આપવા પ્રેમ, પવિત્રતા અને પ્રસન્નતા સ્વરૂપ એવા પરમાત્મા જન્મ લે છે. આ દિવસે રામનો જન્મોત્સવ ભારતમાં ઠેર ઠેર ધામધૂમથી ઉજવાય છે. કૌટુંબિક, સામાજિક, નૈતિક તેમજ રાજકીય 'મર્યાદા'માં રહીને પણ 'પુરુષ' ઉત્તમ શી રીતે થઈ શકે એ મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનું જીવન આપણને સમજાવે છે. આજે પણ લોકો રામરાજ્યને યાદ કરે છે. વિકારોમાં, વિચારોમાં, તથા વ્યાવહારિક સર્વે કાર્યોમાં શ્રીરામે મર્યાદા છોડી નથી તેથી જ તે મર્યાદા પુરુષોત્તમ કહેવાય છે.

આવા પ્રેરક ઉત્સવો હંમેશા થતા રહે એવા હેતુથી 'સત્સંગિજીવન' નામના ધર્મશાસ્ત્રમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે રામનવમી વ્રત અવશ્ય કરવું એવો અનુરોધ કર્યો છે. અને વ્રતવિધિ બતાવ્યો છે.

ભારતની સંસ્કૃતિ સમાજમાં ટકાવી રાખવા માટે આપણે સૌ કૃતનિશ્ચયી બનીએ સદ્‌વિચાર અને સદાચારને અમલમાં મૂકીએ તોજ શ્રીહરિ જયંતી અને રામનવમી જયંતી સાચા અર્થમાં ઊજવી કહેવાશે.

# મિથ્યા આરોપના ઊઝરડાં

- હિમ્મતભાઈ ઠક્કર (રઘુવંશી)



કૌટુંબિક, સામાજિકને રાષ્ટ્રીય જીવન છિન્નભિન્ન અને પરાકાષ્ટાનું કલુષિત થઈ ગયું છે.

જગતની તમામે તમામ ભાષાઓનાં શબ્દકોષ એટલે કે ડિક્ષનેરીમાં ક્યાંય કોઈ અપશબ્દ -નામ લખી નથી. કોઈ પણ શૈક્ષણિક સંસ્થા આવું કાંઈ પણ શીખવાડતી નથી. તોયે બધાય અપશબ્દો જાણે છે, મનોમન કે ખુલ્લે ખુલ્લાં બોલતાય હોય છે અને તેથી જ સાંભળનારામાં ક્રોધની જ્વાળાઓ ભભૂકી ઉઠે છે ને પરિણામે મારામારી, કોર્ટ ચઢવાનું ને માનસિક તનાવ સાથે નુકસાન ભોગવવાના. અપશબ્દો કથન પાપની વ્યાખ્યામાં આવે છે.

શ્રીભાગવતજીમાં મહાભારતના વિવરણમાં જણાવાયું છે કે દુર્જનોની બુધ્ધિ દુષ્ટ કાર્યમાં ઘણી જ કુશળ હોય છે. અને સ્વામિનારાયણ સંપ્રદાયનો સત્સંગી દુર્જન તો ન જ હોઈ શકે.

શિક્ષાપત્રી મન, વચન, કર્મના પાપોથી સદાય દૂર રહેવા પ્રબોધ છે. માનવીની પંચેન્દ્રિયોમાં જીભની રસ વૃત્તિ શરીરનો નાશ નોતરે છે ને વાક્છટામાં ગામવાટા પાપનું ખાતું સમૃદ્ધ કરે છે.

શિક્ષાપત્રી શ્લોક - ૨૦:-

મિથ્યાપવાદઃ કસ્મિંશ્ચિદપિ સ્વાર્થસ્ય સિદ્ધયે ।
નારોપ્યો નાપશબ્દાશ્ચ ભાષણીયાઃ કદાચન ॥

અમારા આશ્રિતો હોય તેમણે પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈના ઉપર મિથ્યા અપવાદ આરોપણ કરવો નહિ. અને અપશબ્દો ક્યારેય પણ બોલવા નહિ.

અત્રે સહજાનંદ સ્વામી મહારાજે જે સ્પષ્ટ લિખિત આજ્ઞાઓ ધર્મના આશ્રિતોને આપી છે. અપશબ્દો બોલવા નહિ અને કોઈ પણ પોતાના સ્વાર્થની સિધ્ધિ માટે મિથ્યા આરોપ મૂકવો નહિ.

આજે કલિયુગમાં આ બન્ને ચરમ સીમાએ માનવ પર પક્કડ જમાવી બેઠા છે. તેથી વૈયક્તિક,

આવી જીભની લપલપિયા વૃત્તિ સાથે જ મિથ્યા આરોપ સંકળાયેલ છે. આ મિથ્યા આરોપનામું એટલે  કે હળાહળ જૂઠનામા વિશે આદિત્ય પુરાણ માનવને સાવધાન કરે છે.

"યાતિ મિથ્યા અભિસ્તાનાનાં પતન્ત્ય શ્રૂણિ રોહનાત્ । તાનિ પુત્રાન્, પશૂન્ ઘ્નન્તિ તેષાં મિથ્યા અભિશંસિનામ્ ॥"

એટલે કે જેમના ઉપર આરોપનામું ખોટી રીતે કરવામાં આવેલ હોય, તેના મનમાં ખૂબ જ દુઃખ થાય છે. તેનું હૈયું ભરાઈ આવે છે. એવા નિર્દોષના આંખમાંથી નીકળેલા આંસુઓ તેની સંખ્યા પ્રમાણે મિથ્યા આરોપ કરનારના પશુઓ અને પુત્ર-પુત્રીઓનો પણ નાશ કરે છે. શાસ્ત્રોમાં પાંચ મહાપાપો બતાવ્યા છે જેનાં પણ પ્રાયશ્ચિત છે. પરંતુ સાવધાન ! મિથ્યાઆરોપના પ્રાયશ્ચિત પણ બતાવ્યા નથી.

વળી મિતાક્ષરા નામની ટીકાગ્રંથમાં વિજ્ઞાનેશ્વર પંડિતે  ઋષિ યાજ્ઞવલ્ક્યજીનું મંતવ્ય ટાંકી આ ભયાનક પાપથી બચવા સાવધાન કર્યા છે.

એક ગુજરાતી કહેવત પ્રમાણે, પાપનો ઘડો ભરાય ત્યારે ફૂટ્યા વગર રહેતો નથી. સમજણ જેવી એ છે કે જો કોર્ટે મામલો જાય તો બદનક્ષીનું ચૂકવણું ભારે પડી જાય તેથી પોતાની જીભ અને રાગ-દ્વેષ પર કાબૂ રાખી મુસીબતને ટાળવા જેવી ચતુરતા બતાવવી સારી.

વળી, અન્ય કોઈની પ્રગતિ, ધનવૃધ્ધિ, સુખ ને સમૃદ્ધિ જોઈને ઈર્ષ્યા પણ અવડચડી છે. દુઃખી થવા કરતાં રાજી થવાની મજા માણવા જેવી છે.

તદુપરાંત ક્રોધથી અંતઃકરણ અંધકારમય બની જાય છે. સારું નરસું વિચારી શકાતું નથી ને સામાન્ય વ્યવહારની ભૂલો ક્યારેક ભારે પડી જઈ શકે છે.

આજે વિવિધ પરિસ્થિતિઓને કારણે પ્રત્યેક વ્યક્તિને કોઈની કોઈ માનસિક તનાવ આવેજને તેની મૂંઝવણમાં તેને કોઈ રોગ ઘર કરી જાય તો ? તેથી શિક્ષાપત્રીનું શ્રવણ, મનન, વાચનને જીવન વ્યવહારમાં વણી લેવાથી કોઈ તરફ આંગળી ચિંધવાના પાપથી બચી શકાશે, નહિ તો -

"એક આંગળી બીજા તરફ ચિંધ,<br>
તો તારી જ ચાર તને ખુલ્લો પાડશે,<br>
જો રોપા રોપવા જ હોય તો,<br>
શાહી ગુલાબી શબ્દોના રોપ,<br>
કાંટાળા બાવળિયા છે આરોપ,<br>
બીજાને પાડે તે પહેલાં<br>
તને જ ઉઝરડાં પાડશે...!"

ડેલ કારનેગી નામના એક ચિંતકે પોતાના બેસ્ટ સેલિંગ પુસ્તકમાં નોંધ્યું છે કે "નવ્વાણું ટકા લોકો, તેમની ગમે તેટલી ભૂલ હોય તો પણ, પોતાને દોષી ગણવા તૈયાર હોતા નથી."

તેથી સહજાનંદ સ્વામી મહારાજનાં આ પ્રભુ મંત્રને આત્મસાત્ કરીને પોતાને જ મર્યાદામાં રાખવા સારા.

જો આજે કલિયુગમાં આપણે સત્સંગીઓ એવું પોતાના પર જ લગામ લગાવવાનું નહિ રાખીએ તો શું કર્મના લેખાં જોખાં ચૂકવવા અનેક જન્મો લેતા રહીશું ?

"રૂઝાય ઘા તલવારના<br>
ભલે ઢગલાબંધ લોહી કાઢે !<br>
શબ્દોના કારીઘા તો<br>
એકજ ઝાટકે જીવ વાઢે !<br>
લોહી ભલે ન કાઢે,<br>
જન્મો જન્મ સાથે ચાલે !!"

# ધન મીમાંસા

# બધાની ભાષા : એક




શા. સ્વામી દેવચરણદાસજી

સ્પેનમાં બધા સ્પેનીશ બોલે છે.

દક્ષિણ અમેરીકાનાં જંગલોમાં ખેરાડુ નામની આદિવાસી ભાષા બોલાય છે.

તમિલનાડુમાં તમીલ ભાષાનું ચલણ છે.

સ્પેનમાં કે તમિલનાડુમાં જોઈને તમને તરસ લાગી હોય ને ૧૦૦ વાર બૂમો પાડીને કહો કે ''પાણી...પાણી...''

પણ એ સ્પેનીશયો કે મદ્રાસી તમારી સામે મોં તાકીને ઊભો રહે અને સંકેત કરી પૂછે : ''શું જોઈએ ?''

તમે એમના ઘરનાં મોંઘેરા મહેમાન હો, છતાં તરસે મરી જાવ, જો તેમની ભાષા ન આવડે તો ?

જ્યાં તમારે રહેવું / કામ કરવું /કરાવવું હોય, ત્યાં તે સ્થાન/દેશની ભાષા બોલવી/શીખવી જ પડે, તો તમારું ગુજરાન ને વ્યવહાર કુશળતાથી ચાલે.

સમગ્ર પૃથ્વી પર આશરે ચાર હજાર પ્રકારની ભાષા બોલાય છે. તેમાં પણ ભારત એટલે તો ભાષાઓ અને બોલીઓની ખાણ.

રાષ્ટ્રીય સ્તરે ૨૭ ભાષાઓ માન્ય છે અને રાજ્ય, પ્રદેશ,પ્રાંત, વિસ્તારવાર બોલાતી 'બોલીઓ' આશરે ૮૫૦ છે.

ગુજરાતી ભાષા પણ વિભાગવાર જુદી બોલાય.

- મહેસાણા-સાબરકાંઠાની ગુજરાતી અને સુરેન્દ્રનગરની ગુજરાતીમાં ફરક મળે.
- અમદાવાદી અને કાઠીયાવાડીની ભાષા જુદી વર્તાય.
- એ જ રીતે જામનગરી, વલસાડી, કચ્છી અને સુરતી, ત્રણેય જણા બોલે તો ગુજરાતી જ, પણ અંદર ''ફ્લેવર''માં ફરક હોય.

સમગ્ર ભારતમાં રાજયવાર, પ્રાંતવાર, જાતિવાર, ધર્મવાર અલગ અલગ ભાષા બોલાય અને એકબીજાની ભાષા કોઈ સમજે કે ન સમજે, પણ એક ભાષાનો સમગ્ર ભારતમાં વસતા ૧૨૦ કરોડ લોકો રાષ્ટ્રીય સ્તરે સર્વત્ર ૨૪ કલાક સ્વીકાર કરે છે.

એ ભાષા સૌને આવડે, સૌ સારી પેઠે સમજે અને સમજાવે. બાળપણથી જ આ ભાષા સૌ વિના પ્રયાસે શીખે એ ભાષા છે :

- પૈસાની ભાષા
- ધનની બારખડી
- નાણાંની વાક્યરચના અને શબ્દો.

રૂા. ૧૦૦૦ની નોટ ભારતના કોઈ પણ ખૂણાના કોઈ પણ રાજ્યના, કોઈ પણ ભાષા બોલનારા આદિવાસી, અમીર, અભણ, પૈસાદાર, સ્ત્રી કે પુરુષ... સૌ માટે ૧૦૦૦ રૂા. છે.

આ બધાના મનમાં રૂા. ૧૦૦૦નું મૂલ્ય સમાન છે. ૫૦૦ રૂા. કે ૧૦૦ રૂા.ની ભાષા શાકવાળી કે મુકેશ

અંબાણી સમાન સમજે છે.

આખા મહિનામાં બધા નોકરિયાતો એક દિવસે બહુખુશ હોય અને એ દિવસની કાગડોળે રાહ જોતા હોય છે : એ છે પગારનો દિવસ.

સમગ્ર પૃથ્વી પર વસતા ૭૨૦ કરોડ માણસો ભિન્ન પ્રકારની પ્રવૃત્તિ કરે છે.

- કોઈ પેટ્રોલ પંપ ચલાવે છે.
- કોઈ હોસ્પિટલ ચલાવે છે.
- કોઈ બસમાં ડ્રાઈવર છે.
- શાળામાં શિક્ષકો ભણાવે છે.
- હોટલમાં વેઈટર તમારી સેવા કરે છે.
- રોડ પર ટ્રાફિક પોલીસ ખડા પગે ઊભા રહે છે.
- દૂધવાળો સવારે દૂધ આપી જાય છે.
- હજામ પોતાની દુકાન નિયમિત ખોલે છે.
- કામવાળી બાઈ ઘરના કામ કરી જાય છે.
- મા-બાપ દીકરા-દીકરીને ભણાવે છે.
- સાડીવાળો સાડીઓ વેચે છે.
- મોચી ચપ્પલ બનાવે છે.
- મોબાઈલ કંપની તમારા ફોનની સર્વિસ બરાબર આપે છે.

ઉપર વર્ણવી એ અને આવી બીજી અનંત પ્રવૃત્તિ કરનારની નસોમાં એક તત્ત્વનો ધક્કો કામ કરી રહ્યો છે. એ છે : પૈસા.

- ડોક્ટરને ફી ન આપો સાજા કરે ?
- શિક્ષકોને પગાર ન મળે તો ભણાવે ?
- મોચી ચપ્પલ મફતમાં આપે ?
- વાળંદ સેવામાં વાળ કાપે ?
- મોબાઈલનું બીલ ન ભરો તો ?

ટૂંકમાં એક જ " **Universal Language** - સાર્વત્રિક ભાષા" બધે ચલણમાં છે : એ છે : ચલણી નોટ, ધન.

આ ચલણની નોટ વ્યાવહારિક જગતનું "**Life blood**"

નાણાં વગરનો નાથિયો, નાણે નાથાલાલ

"ધનનો **Concept**"

મનુષ્યે પોતાને અસીમિત માનસિક ક્ષમતાનો ઉપોયોગ કરીને જો કોઈ વિશિષ્ટ સંશોધન કર્યુ હોય તો તે છે : ધન....પૈસા...નાણાં

ધનનો "**Concept**" કેવળ માણસમાં જ છે.

- કોઈ વાંદરો એક હજારની નોટ જોઈ ને ખુશ ન થાય.

- ગાય કે ભેંસના બેંકમાં ખાતા હોતા નથી.

- હાથણીને પર્સ કે હાથીને પાકીટ રાખવાની જરૂર પડતી નથી.

- જંગલમાં સિંહને તિજોરી એટલે શું એ ખબર નથી.

- લોટરીની ટિકિટ સેવા કોઈ બળદ લાઈનમાં ઊભો ન હોય.

- જન્માષ્ટમીને દિવસે કૂતરા-બિલાડા જુગાર રમવાનું આયોજન ન કરે.

-મહિનાને અંતે પગાર માગવાનું ઊંટને સૂઝે નહીં.

આ બધાનું મૂળકારણ એક જ છે : મનુષ્યેતર સર્વમાં પૈસાની સૈદ્ધાંતિક સ્પષ્ટતાનો અભાવ. માણસે પૈસા બનાવ્યા અને તની આસપાસ પેચીદી જાળ રચી.

- પૈસો સૌથી બળવાન, તેને સૌ વારંવાર નમે.
- ધનપતિ આગળ સૌ કોઈ ઢીલા.
- તગડા બેંક બેલેન્સવાળાની સર્વત્ર બોલબાલા
- લાંબી ગાડીવાળાના સૌ કોઈ ગુલામ.

કોઈ જ્ઞાતિમાં સમૂહ લગ્ન હોય.

એ સમગ્ર જ્ઞાતિમાં "શંકરલાલ" નામના ભાઈ એક નંબરના લંપટ તરીકે મશહૂર હોય. અનીતિ, ભ્રષ્ટાચાર અને ચારિત્ર્યહીનતાના શંકરલાલ પર ૧૦૦ આપેક્ષો હોય. કોઈ તેમનો ભરોસો કરવા તૈયાર ન હોય.

આવી પ્રતિષ્ઠાહીન વ્યક્તિને કોઈ શુભકાર્યમાં બોલાવે ? તેને તો આમાં અમંત્રણ હોય જ નહિ.

પરંતુ એ શંકરલાલ સમૂગલગ્નની વહીવટી કમિટી આગળ જઈને કહે "લો, આ ૫૧ લાખ રૂા. મારા તરફથી આ સમૂહલગ્નમાં વાપરજો."

પછી શું ?

પછી તો

૧. લગ્ન સમારોહમાં સ્ટેજના મધ્યભાગમાં વચ્ચોવચ કોણ બેઠું હોય ?

૨. કોના હાથે સૌને ભેટ-સોગાદો અપાતી હોય ?

૩. કોના નામના બેનર છપાય ?

૪. કોના ફોટા પડે ?

કોની વાહ વાહ થાય ?

બસ, સર્વત્ર શંકરલાલ...શંકરલાલ... થઈ જાય.

હા, ધન બળવાન છે.

- પૈસા ન હોય તો પોતાના હોય તે પણ પારકા થઈ જાય.

- પૈસા હોય તો પારકા પણ પોતાના કરતા વધી જાય.

અમેરીકાના ધનપતિ રોડ ફેલર પૈસા વિશે કહે છે:

દુનિયામાત્રના ધર્મ ભલે ધનની નિંદા કરે, પણ પૃથ્વી પરની ચહલ પહલ માટે ઓક્સિજન પ્રાણવાયુ એટલે પૈસા.

**Money is a lifeblood.**

એક ભાઈ સત્સંગમાં ગયા.

કથાકાર સાધુએ એ દિવસે ''ધન'' ના ગેરફાયદા અને ધનથી ઉત્પન્ન થતા અનર્થો ઉપર જોરદાર વાત કરી.

''ધનમાં ક્યારેય સુખ જ નથી. ધન મળે તો પણ માણસ દુ:ખી છે. ધન ન મળે તો પણ માણસ દુ:ખી રહે છે. પૈસા હોય તોય દુ:ખ છે. પૈસા ન હોય તોય દુ:ખ છે.''

પેલા ભાઈ સભામાં ઊભા થયા અને બોલ્યા, ''મહારાજ, એક વાત કહું. પૈસા હોય કે ન હોય, દુ:ખ તો બેયમાં છે. પણ હું પૈસાવાળું દુ:ખ વધારે પસંદ કરું છું. રોવાનું નક્કી જ હોય તો મને મર્સીડીઝમાં કે એ.સી. વાળા બેડરૂમમાં બેસીને રોવાનું વધારે ગમે. સાયકલ કરતા બી.એમ.ડબલ્યુ ગાડીવાળુ દુ:ખ સારું. સરકારી હોસ્પિટલ કરતા ફાઈવ સ્ટાર હોસ્પિટલમાં મરવાનું સારું''

સાવ સાચી વાત લાગે.

પૈસો સર્વસ્વ નથી, પણ ૧૦૦ માંથી ૯૯ કામ કરવા માટે પહેલી જરૂર છે પૈસાની.

ભારતમાં ૧૨૦ કરોડ લોકો છે. તેમાં નામ બધાના જુદા, ગામ જુદા, ધર્મ જુદા, જ્ઞાતિ જુદી, ગુરુ જુદા, પૂજાની રીત જુદી, બ્લડગ્રુપ જુદા, ફોન નંબર જુદા.... આમ તમામ બાબતે એક બીજાથી કોઈને કોઈ સાથે સામ્યતા નથી.

કોઈ રણછોડ તો કોઈ રહેમાન...

કોઈ ખેડા જિલ્લાનો તો કોઈ વલસાડનો...

કોઈ જૈન, કોઈ મુસ્લિમ, કોઈ સ્વામિનારાયણ...

કોઈ ગુજરાતી, કોઈ તામિલ, કોઈ મારવાડી...

આ અને આવી અનેક વિવિધતા ઠેરઠેર જોવા મળે...

પણ પૈસાની આસક્તિ અને આકર્ષણ સૌના સરખા...

૧૦૦૦ રૂા. ની નોટ, સૌના મોંમા સરખું પાણી લાવે...

૫૦૦ રૂા. ની નોટ ઓળખવામાં કોઈને ભૂલ ન પડે...

બેંક, ખાતું, ભાડું, પગાર, કિંમત, ઉઘરાણી, નફો, ફાયદો, વળતર,....

આ તમામ શબ્દોનો અર્થ અને ભાવ સૌ સરખો સમજે.

પૈસામાં આવી અપૂર્વ તાકાત આવી છે એનું કારણ શું ? શું ખરેખર દૈવત ૧૦૦૦ રૂા. ની નોટમાં છે?

પૈસાની ભાષા જ બોલતા અને સમજતા આ જગતમાં પૈસા કેટલા અંશે કામ કરે અને ક્યાં ક્યાં ન કામ કરે એ વાત શ્રીજી મહારાજના મત મુજબ સમજશું : આવતા અંકે




# સર્વસ્વ કૃષ્ણાર્પણ.. ભક્તને અર્થે

– પુ. સ્વામી પરમહંસદાસજી

શ્રીજી મહારાજ પોતાની આ વિશિષ્ટ પ્રકૃતિનું વર્ણન વચનામૃત કારિયાણી પ્રકરણ-૯માં આ મુજબ કરે છે :

અમારે જે ખાવું-પીવું-ઓઢવું-પહેરવું છે તે સર્વ સંત અને સત્સંગીને અર્થે છે. અને જો એમને અર્થે ન જણાયને પોતાને અર્થે જણાય તો અમે તેનો તત્કાળ ત્યાગ કરી દઈએ.

અને અમે આ દેહ રાખીએ છીએ તે પણ સત્સંગીને અર્થે જ રાખીએ છીએ પણ બીજો કોઈ દેહ રાખ્યાનો અર્થ નથી.

અને અમે તો જે મન, કર્મ, વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે. માટે અમારે તો સર્વ પ્રકારે જે કોઈ ભગવાનના ભક્ત તો અમારે ચૌદ લોકની જે સંપત્તિને ત્રખલા (તણખલા) જેવી છે.

ભગવાન ક્યાંય બંધાય નહિ, કોઈથી હારે નહિ, પણ પોતાના ભક્તના બંધનમાંથી છૂટી શકવા ભગવાન સમર્થ નથી. ભક્તના કાજે પ્રભુ નચાવે તેમ નાચવા પ્રભુ તત્પર રહે છે. ગમે તે કરી છૂટવા તૈયાર થઈ જાય છે. આ જ તેમનું ભક્તવત્સલપણું છે.

ગઢડાના અભેલ ખાચરની બે રાણીઓ : સોમાદેવી ને સુરપ્રભાદેવી. તેમના પાંચ સંતાન : લાડુબા, જીવુબા, નાનીબા, પાંચુબા ને દીકરો દાદાખાચર. સૌનાં કાંડાં અભેલબાપુએ શ્રીજી મહારાજના હાથમાં સોંપ્યાં હતાં, સર્વસ્વ અર્પણ કરી દીધું હતું.

એભલ પરિવારમાં શ્રીહરિ પ્રત્યેનો પ્રેમ અકલ્પ હતો. એમની સાચી અંતરની ભક્તિને વશ થઈ તેઓ ગઢડામાં દાદાના દરબારમાં રહેતા. એમના નાના ભાઈ બાપુ જીવાખાચરથી આ કેમેય સહન થાય નહિં.શું દાદો જ ભગત છે ! હું નહીં ! આમ, ઈર્ષ્યાની આગમાં આઠોજામ એ ભૂંજાતા રહેતા. દાદાને દુ:ખ પડે, નામોશી થાય, ને એનું કાસળ નીકળી જાય એવી યુક્તિ-પ્રયુક્તિ કર્યા કરે પણ બાપુની એકેય કારી ફાવે નહીં.

૧૮૭૦ની સંવત છે. શ્રીહરિએ ગઢડાના

ધણી એભલખાચરનું કારજ રંગે ચંગે પતાવ્યું. પુત્ર દાદાખાચર તેર વર્ષના બાળક. આ લાગ જોઈને એભલખાચરના નાના ભાઈ જીવાખાચરે માંડવધાર પર નજર તાકી. આકડે મધ ને માખો વિનાનું ! દાદો છોકરું છે. એને રાજકાજની શી ગતાગમ ! આમેય માંડવધારની ઉપજ દાદાની કોઠીમાં પડતી બંધ થઈ ગઈ. રામપરાની સીમમાં તો ભડલીના ભાણખાચરની રંજાડ ચાલુ જ છે. જેઠો ને મેરામણ બેઉ ભાઈને લાલચ આપી માંડવધાર ઝૂંટવાવી દઉં... આવી કંઈક મુરાદ સાથે જીવાખાચરે આ બંને કાઠીઓને રાત્રે મળવાનું વચન આપેલું. જીવાખાચર મોટી ડેલીવાળા કહેવાતા. ભાવનગર રાજમાને ભાયાતોમાં એમની વગ એટલે આ જેઠા મેરામણને માંડવધાર ગોળની ગાંગડી જેવું લાગ્યું...

કંઈ નહી, આ તો... કંઈ નહીં.. કહેતા બાપુ ડેલી ભેગા થઈ ગયા.

મહારાજે લાધા ઠક્કર પાસે કારિયાણી પત્ર લખાવ્યો કે વસ્તાખાચર તથા માંચાખાચરને માલૂમ થાય કે ત્યાં ઝાલાવાડી કણબી ખેડ કરવા રહ્યા છે માંડવધારની જમીન વાવતા બધા ભરવાડો ભાગી ગયા છે. તાકીદ કરશો. બધા ખાલી પડ્યા છે. ત્યાં કણબીઓનાં રહેણાંક થાશે.

પછી જેઠા-મેરામણની વાત લખી ને જણાવ્યું કે એ હવે માંડવધારની હદમાં દાખલ થશે નહીં. એમના બૈરાં છોકરાંને કોઈ પજવને નહીં એ જોજો.

મહારાજ જાણતા હતા કે ઝાલાવાડી એક કણબી દસ જણને ભારે પડે તેવા છે. તેથી તેમના વસવાટે ખેતી નિર્વિઘ્ન થશે ને ઊપજ ચાલુ થઈ જશે.

કાગળ બીડતાં લાધા ઠક્કરની આંખના ખૂણાં ભીજાઈ ગયા. એમને થયું કે મહારાજની ભક્તવત્સલતાની કોઈ સીમા નથી !

એ પછી તો લોયાના કણબીઓ તથા કચ્છના માનકુવાના ઉકો તથા હરજીને પણ મહારાજે તેડાવ્યાં ને માંડવધાર વસાવ્યા. જેઠો ને મેરામણ ચેતી ગયા હતા. તે બીજે ગામ જઈને રહ્યા.

આમ, દાદાનાં રખવાડાં કરવામાં કૃપાનાથે ખોળિયું કૃષ્ણાર્પણ કરી દીધું હતું.

બ્રહ્માનંદ સ્વામીએ મહારાજની એ અસીમ કરૂણાને આ રીતે બિરદાવી છે :

"ભક્તવત્સલ હરિ બિરૂદ તિહારો

કલ બલ છલ ભાવે ત્યું કરકે ખલમંડલ હરિ વેગે સંહારો"

સાંભળી મહારાજ ચોક્યાં. આજે એખ ગામ લે, કાલે બીજું... એમ બધાં ગામ ઝૂંટવાઈ જાય... વિચારધારા તોડી મહારાજને કહ્યું : 'ભજન ! અમારે તો દાદાનો પક્ષ એ જ ભજન.'

સાંભળી જીવાખાચરના બળતા અગ્નિમાં તેલ રેડાયું : 'દાદો દાદો કરો છો, તે દાદો તો મારો ભત્રીજો છે, તમારે કયો નાતો છે ! ખેર, જવા દો એ વાત, મારું માનો તો તમે થોડા દિવસ ગઢડાની બહાર જતા રહો. બેઉ ભાઈ એકાદ બે દિવસમાં જ તે ગઢડા ઉપર ત્રાટકવાના છે...'

સાંભળી મહારાજની આંખોએ પલકવું બંધ કર્યું. પળ બે પળ અલક્ષ્ય વૃત્તિથી આભ સામે તાકી રહ્યા. પછી કહે : 'ઠીક બાપુ ! જેવી શ્રીહરિની ઈચ્છા. અમને વહેલા ચેતવ્યા ને આભાર તમારો, આજે રાત્રે જ અહીંથી નીકળી જઈશું.'

દરબારમાં બધાના કાને એક વાત ગુંજતી થઈ : મહારાજ આજ ગઢડું છોડીને જતા રહે છે... ક્યાં જાય છે, કેટલા દિવસ સુધી જાય છે... એ રહસ્ય કોઈને ખબર નથી.

મૂળજી બ્રહ્મચારી અક્ષર ઓરડીએ ચાર-પાંચ આંટા મારી ગયા. 'મહારાજ ! વાળુ કરી લો.' પણ મહારાજનો રંગ આજ ફર્યો હતો. સાંજનું વાળુ એમને મન વિષ બની ગયું હતું. એમનું અંતર ઉદાસ થઈ ગયું હતું. સંતો-ભક્તો સાંખ્યયોગી બાઈઓ - બધાનાં અંતરમાં ગોવાળિયા પ્રત્યે ફીટકાર વરસી

રહ્યો. મહારાજને પકડવા કોની મગદૂર છે!

દાદાને મૂછોનો દોરો ફૂટું ફૂટું થઈ રહ્યો છે, હજુ કાલ સવારે તો રાજગાદી પર પટ્ટાભિષેક થયો છે - આ બાળો રાજા તલવાર લઈ મહારાજ સન્મુખ ઊભા ને કહ્યું : 'મને પણ સાથે લો... હું ય આવું છું.'

'ના, દાદા, તું અહીં જ રહે, તારી તલવાર લાવ... એમાં તું આવી ગયો.' એમ કહી કૃપાનાથે દાદાના કાનમાં કંઈક કહ્યું.

અલબેલાએ ગાડું જોડવા આદેશ દીધો, બન્નેએ શસ્ત્ર-સજ્જ થઈ ઘોડી પલાણી. પડછાયા જેવા બ્રહ્મચારીને પણ છેલછબિલાએ સત્તાવાહી સ્વરે રોકી રાખ્યા છે. વળી, આજ માણકી નથી લીધી એ પણ આશ્ચર્યકારક ઘટના છે.

ધીર-ગંભીર પગલે અક્ષરનો નાથ ગાડે બિરાજ્યા. સખા-સહોદરની આંખો ભીની છે. લાડુબા-જીવુબા રડે છે. દરબાર આખો કલ્પાંત કરે છે. ક્યાં જાય છે ને પાછા ક્યારે પધારશે એ વાત પ્રભુએ કોઈને કહી નથી. 'હમણાં ઉપાધિ છે, તે શમી જાય એટલે પાછા' એવી હૈયાધારણ સૌને બંધાવી છે પણ એ ઠગારી લાગે છે, વિશ્વાસ બેસતો નથી.

પાછળથી ડાબલાનો આવાજ આવ્યો - ઘોડી પર બાપુ જીવાખાચર હતા, એ પણ વળાવવા આવ્યા હતા. મહારાજ કઈ બાજુનો મારગ લે છે એની નોંધણી ખાતર જ!

હરિવરે ગાડું ઉગામેડીને મારગે લેવડાવ્યું. સૌને થયું : મહારાજ કારિયાણી કે કુંડળ જશે.

દાદાને બીડ આવ્યું ત્યાં ગાડું ઊભું રખાવ્યું. મહારાજે સૌને જય સ્વામિનારાયણ કહ્યા.

જીવાખાચર કહે : મહારાજ! દાદાની ચિંતા કરશો નહી, હું બેઠો છું...

મહારાજને આ વેણ અંગારા જેવાં વસમાં લાગ્યાં. સૌને અહીંથી પાછા વાળ્યા.

સૌ વળ્યા એટલે મહારાજ કહ્યું : નાજા, ભગુજી ! નજીક આવો. ગાડી ઊભી રહી. ઘોડીયું ઠમકી રહી, બંનેએ કાન ધર્યા. આપણે અહીંથી હાલ ને હાલ માંડવધાર જવું છે.

અલબેલાનો એક એક શબ્દ તોળાઈને આવ્યો હતો. સાંભળતાંવેંત બંનેના ગાત્ર ઢીલા થઈ ગયા!

અરે, મહારાજ! આ શું કહો છો! ઈ બેઉ કાળમુખા દૈત્યો છે. સામે ચાલીને શીદને સપડાવું?

હરિવર હસી પડ્યા. એ હાસ્યમાં નિર્ભયતા હતી. પણ બંને બહાદુરોના કાન પર કાળના તાંડવની ધૂન વાગવા લાગી. શું થશે તે કલ્પવું મુશ્કેલ હતું. નાજાએ હિંમત ભેગી કરી કહ્યું : મહારાજ! ત્યાં જ જવું'તું તો પ્રથમથી થોડા કાઠીઓ ને પાળાઓને તૈયાર કરત ને! વળી, સોમલા ખાચર પણ નથી. એકલા આ જોખમ ખેડવું તે વાજબી લાગતું નથી...

મરમાળાના મુખની કાંતિ બદલાણી, ભ્રકુટી તંગ કરી વહાલો બોલ્યો : બીક લાગે છે? ફોશી!

નાજાએ તરત હાથ જોડ્યા : ના પ્રભુ! આપ સાથે છો પછી બીક શાની?

તો ચાલ્યો આવ ગાડાની પાછળ પાછળ... મહારાજનો કડપ જુદો વરતાતો હતો.

આ વાર્તાલાપમાં ગાડીવાન ખેડુના તો હોશકોશ જ ઊડી ગયા. એને રાતની ઠંડકમાં પણ પરસેવો વળી ગયો.

મહારાજની મરજી જાણી ગાડીવાળે ગાડી ઓતરાદી મરડી, ગઢડું ડાબી કોર રહ્યું. બળદ ગામમાં જવા અકડાઈ કરવા લાગ્યાં. ભગુજીએ નાથ પકડીને ખેતરાઉ રસ્તે માંડવધાર બાજુ વાળ્યા.

રાત્રિ ઝમ ઝમ કરતી વહી જાય છે. ગાડીવાન ધ્રુજતે હાથે ઢાંઢા હાંકે છે. રસ્તો, સૂઝતો નથી. માંડવધાર જરૂર ધીંગાણું થશે એ વિચારમાં જ એના મોતિયા મરી ગયા હતા.

વાત વાતમાં માંડવધાર આવી ગયું.

ગામને ટીંબે બંને ભાઈઓના ઘર હતા. ભગુજીએ ઝાંપો ઉઘાડ્યો. મહારાજે આંગણામાં ગાડું લીધું હળવેક રહી હેઠે ઊતર્યા. બળદ છૂટા થયા કે ગાડાની ઉધ્ય ઊંચકી છીપરી સાથે જોરથી ઊંટડો પછાડ્યો. એક સાથે એકાવન તોપું ફૂટે તેવો નાદ થયો. ધરતી ધણેણી ઊઠી. દિગ્પાળ ડોલ્યા. ગામ આખું ધ્રુજી ગયું. સૌની નીંદર ઊડી ગઈ. ધરતીકંપનો ડર વ્યાપી ગયો. જેઠો ને મેરામણ ઓશરીમાંથી તાકે છે ત્યાં શ્રીહરિનું રૌદ્ર રૂપ ભાળ્યું.

હરિવરના હાથમાં સમશેર ચાંદાના અજવાડે ચમકી રહી છે. ભગુજી ને નાજો જોગિયો મહારાજના આ ભયાનક રૂપ આગળ ઠીંગરાઈ ગયા હતા. અલબેલાને અંગેઅંગ વીરતા ઉભરાતી હતી. શ્રીહરિએ હાકોટો કર્યો : અરે ! આ જેઠા ગોવાળિયા ઓર મેરામણ ગોવાળિયા ! બહાર નિકલ, ક્યું સંતાઈ કે રહા હૈ.

આ સાંભળી ગામના માણસો સમજ્યા કે આપણને પકડવા ફોજ આવી છે. બધા ડરીને સંતાઈ ગયા. જેઠો ને મેરામણ સાવજ જેવા શૂરા પણ શિયાળ બની ગયા ! ઓરડાની પાછળની પછીતનાં બારણાં ઉઘાડી ઘોડીએ ચઢી ભાગી ગયા.

મહારાજે ફરીવાર હાક મારી : આવો દાદાખાચરની ઊપજના ચોરતલ ! આજ તલવાર તળે તમને કાઢવા સારું આવ્યા છીએ.

આ સાંભળી તેમની સ્ત્રીઓ બોલી : ભણે મહારાજ ! એ બેય તો ઢાંઢાં જેવા છે. એમના બોલ્યા સામું તમારે જોવું નહીં. કહેતી ખોળો પાથરી પગે લાગી. મહારાજનો રોષ ઓષર્યો. ભગુજીએ તલાવર લઈને મ્યાન કરી દીધી. બાઈઓએ ઝટપટ પાણીનો કળશ્યો ધર્યો. વહાલાએ બોકાની છોડી મુખ પખાડ્યું. કાઠિયાણીએ આંગણામાં ઢોલિયો ઢાળી દીધો. ગાદલું પાથર્યું. મહારાજ તેના પર બિરાજ્યા. જેઠા-મેરામણની સ્ત્રીઓ મહારાજની બરદાસમાં લાગી ગઈ. કઢેલાં દૂધ પાયાં. મહારાજ આજે મધરાતના મહેમાન હતા.

હરિવરે હેતના વચન કહ્યાં : જેઠાને ને મેરામણને કહી દેજો માંડવધારની ઊપજ પર હવે હાથ નાંખશો તો અમારા પાર્ષદો માથાં ઉતારી લેશે. એભલ બાપુ ધામમાં ગયા એટલે દાદાનો કોઈ રખેવાડ નથી એમ ન સમજે.

કાઠિયાણીઓએ ફરી મહારાજને વિનવ્યા ને ધીમા પાડ્યા : મહારાજ ! તમે તો લાડુબા, જીવુબાના પ્રભુ એટલે અમારા પણ પ્રભુ છો. માટે એમના બોલ્યા સામું ન જોશો...

મહારાજને થયું બાઈ માણસ સાથે વિષ્ટિ કરવી અસ્થાને છે, પણ ધાક પૂરી બેસી ગઈ હતી, કામ ફતેહ થયું હતું. આથી રાત્રે જ પાછા વળી નીકળ્યા. વહેલી સવારે ગઢડે આવી પોઢી ગયા.

સવાર થયું. મહારાજ પધાર્યા છે તે સમાચાર વાયુવેગે ફેલાઈ ગયા. જીવાખાચરથી રહેવાયું નહીં. તેમને થયું : માળું ! આમ કેમ થયું. માંડ ગઢડું છોડ્યું તું ને પાછા કેમ આવી ભરાણા ! એ મહારાજને મળ્યા. મહારાજે રાત્રે બનેલી હકીકત કહી ને કહ્યું : તમે તો એ બેય ગોવાળિયાને મરદ ને ભડવીર કહેતા હતા પણ અમે ગાડાનો ઊંઢડો છીપરી સાથે પછડાયો, તેના અવાજ માત્રે કંપી ગયા, ને એક હાક મારી ત્યાં ભાગી ગયા ! દાદાની ઊપજ ખાવી એ કાંઈ સહેલું નથી.

સાંભળીને જીવાખાચરના પગ નીચેથી ધરતી ખસવા માંડી. નજર સામે જમ જેવા બે બાઈઓ દેખાણાં એને થયું કે મારું આવી બન્યું. હવે પારેવાની જેમ મને પીંખી નાખશે. હાય રે, બાજી ધૂળમાં મળી ગઈ !!

મહારાજ કહે : બાપુ ! દાદાનું કાંડું અમારા હાથમાં છે, તમને કેમ પરસેવો વળી ગયો.



## શ્રીહરિએ બક્ષેલી મૌલિક સાધના :

# માનસીપૂજા

- શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

માનસીપૂજા એટલે મન દ્વારા થતી માનસી પૂજા.

ભક્ત અને ભગવાન વચ્ચે પરસ્પર દૃઢ પ્રીતિની વૃદ્ધિ દિન-પ્રતિદિન થતી રહે તે માટે શ્રીજી મહારાજે ભક્તોને આધ્યાત્મિક સાધનામાં ધરેલી અનુપમ ભેટ એટલે માનસીપૂજા.

સ્વામિનારાયણ સંપ્રદાયની અનેક વિલક્ષણતાઓમાંની એક વિશેષતા એટલે આ માનસી પૂજા.

આધ્યાત્મિક માર્ગ આગળ ધપવા મુમુક્ષુ માટે સાધક માટે શ્રીજી મહારાજે બક્ષેલું આ મૌલિક પ્રદાન છે. જેનો ઉલ્લેખ શ્રીવાસુદેવ માહાત્મય ગ્રંથમાં છે. પાતાળમાં ગયેલા ઉપરીચરવસુ રાજા પાંચ માનસી પૂજા કરીને વૈષ્ણપણું બચાવેલ હતું. એટલે માનસીપૂજા વૈષ્ણવત્ય સૂચક પણ છે.

આપણો ભક્તિ-સંપ્રદાય છે. ભગવાનને આપણે સાકાર માનીએ છીએ. સાકારપણાની વાત આવે એટલે મૂર્તિપૂજા આવે જ.

ઈષ્ટદેવની વિવિધ ઉપચારોથી પૂજા દ્વારા ભક્તની આધ્યાત્મિક પ્રગતિમાં અનેરો વેગ આવે છે.

પૂજાની વિવિધ રીતિઓમાં આરતી કરવી, થાળ ધરવો, પોઢાડવા-જગાડવા, પુષ્પમાળા-ચંદન અર્પણ કરવા, દંડવત્ પ્રણામ, પ્રદક્ષિણા, સ્નાન... વગેરે વિધિ દ્વારા ભગવાનને ભક્ત રીઝવે છે.

આ તમામ સ્થૂળ ક્રિયાઓમાં મહત્ત્વનું પરિબળ છે : ભાવ. ભક્તિની ચાવીરૂપ આવી સ્થૂળ વિધિઓમાં જો મન યથાર્થ ન પરોવાય તો જોઈએ એવું ફળ પ્રાપ્ત થતું નથી.

આ ચંચલ મનને જગત તરફથી ભગવાન તરફ કેળવવાની એક વિશિષ્ટ રીત એટલે માનસી પૂજા.

હા, માનસી પૂજા દ્વારા મન પુષ્ટ બને છે.

શ્રીજી મહારાજ ગ.પ્ર.૩૮માં વચનામૃતમાં કહે છે : 'મન છે તે જગતની વાસનાએ કરીને વસાણું છે. જેમ ફૂલે કરીને તિલ વસાય છે, તેમ મનને ભગવાનનાં જે ચરિત્ર તેનું જે મહિમાએ સહિત નિત્ય સ્મરણ તે રૂપ ફૂલને વિશે વાસવું.'

પહેલાના સમયમાં ફૂલમાંથી સુગંધિત અત્તરનું તેલ બનાવવા માટે એક વિશિષ્ટ પદ્ધતિ તૈલી હુન્નરબાજો અપનાવતા.

જમીન પર એક થર તલનો કરે ત્યારબાદ તેની પર ઝીણું કાપડ પાથરી, મોગરાનું અત્તર બનાવવું હોય તો બીજો થર મોગરાના ફૂલનો કરતા. ફરી તેના પર કાપડ પાથરી તલનો બીજો થર, તેના પર ફરી ફૂલ ને ફરી તલ ને ફરી ફૂલ... આમ ૮-૧૦ થર કર્યા પછી તેના

ઉપર વજનદાર પાટિયાં મૂકીને ૮-૧૦ દિવસ સુધી દાબ આપતા. આને લીધે તલમાં મોગરાની સુવાસનો પાશ પડી જતો. ત્યારબાદ તે તલને પીલીને જે તલ નીકળે તે તલ એટલે મોગરાનું અત્તર.

આપણા મનરૂપ તલમાં ભગવાનની સુવાસની તાલીમ આપણે માનસીપૂજા દ્વારા પામી શકીશું.

-સ્મૃતિ અને માનસી પૂજાનો ભેદ :

સ્મૃતિ એટલે બનેલી ઘટના કે પ્રસંગનું માત્ર સ્મરણ. દા.ત. લંડન પાટોત્સવમાં ઠાકોરજીને યુવકો-હરિભક્તોએ ૫૦ ફૂટનો ભવ્ય પુષ્પહાર અર્પણ કર્યો.

ભગવાનની સ્મૃતિ સુખદાયક છે. કલ્યાણકારી છે. પરંતુ સ્મૃતિમાં, મનની સ્મૃતિ પર બનેલી ઘટનાઓને માત્ર સાક્ષી બનીને આપણે તાજી કરવાની હોય છે. જ્યારે માનસી પૂજામાં જે તે પ્રસંગ કે ઘટનાના માત્ર સાક્ષી નહિ, પણ સક્રિય અંગ બનીને આપણે જે તે ક્રિયાના સર્જક બનવાનું હોય છે.

દા.ત. લંડન પાટોત્સવમાં ૫૦ ફૂટનો હાર હું મહારાજને પહેરાવું છું. જ્યારે આપણે સ્વયં આ પ્રકિયામાં ભળવાનું હોય ત્યારે મન વિશેષ જાગૃત બને છે.

૫૦ ફૂટનો હાર...
ક્યાં પુષ્પનો ?
કુલ કેટલાં પુષ્પો જોઈએ ?
ક્યાંથી લાવીશું ?
હાર કેટલો લાંબો થશે.. ?

આ જ રીતે, હરિકૃષ્ણ મહારાજને હું સ્નાન કરાવું છું. આ પ્રકારના માનસી પૂજાનો વિચાર કરતાં મનને વધારે જાગૃત બનવું પડે છે. એટલે માનસી પૂજામાં મન વિશેષ ખૂલે છે - વિશેષ ખીલે છે.

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં જણાવ્યું છે કે મને કરીને કલ્પ્યાં એવાં ચંદનથી ભગવાનની પૂજા કરવી. આ મન દ્વારા કરાયેલી કલ્પના એટલે માનસી પૂજા.

લૌકિક કે આધ્યાત્મિક, કોઈ પણ ક્રિયામાં મન ભળે તો જ બરકત આવે છે.

બાળક શાળાએ જાય, પણ ભણવામાં મન ન ભળે તો ?

ડોક્ટર ઓપરેશન કરે, પણ મન બીજે ભટકતું હોય તો ?

ક્રિકેટ રમતી વખતે ક્રિકેટર બીજા વિચારો કરે તો ?

રોડ ઉપર વાહન ચલાવતી વખતે મનમાં બીજી વાત ઘૂંટાતી હોય તો અકસ્માત થાય.

ટૂંકમાં, કોઈ પણ લૌકિક કાર્ય સિદ્ધ કરવા માટે મનને ભેળવવું જરૂરી છે.

કાર્યની યથાર્થ સિદ્ધિ અને તેના પછી સંતોષ પ્રાપ્ત કરવામાં કાર્ય દરમ્યાન તેમાં મન કેટલા અંશે ભળ્યું છે એ મહત્ત્વનું છે.

૨૦મી સદીની મોટામાં મોટી શોધ કઈ છે ?

**A man can change his life by changing his attitude.**

'માનવી પોતાનું જીવન બદલી શકે, જો પોતાના મનના વલણને બદલે તો.' બીજા શબ્દોમાં, મનની અગાધ શક્તિને રચનાત્મક દિશામાં વાળી જીવન પરિવર્તન થાય એનાથી બીજી કોઈ મોટી શોધ નથી. એવું આજના મનોવૈજ્ઞાનિકો કહે છે.

મનની આ શક્તિની યથાર્થ ઓળખ માટેનો અને તેને કેળવવા માટેનો અદ્‌ભુત ઈલાજ શ્રીજી મહારાજે ચીંધ્યો છે. એ છે માનસી પૂજા.

- માનસિક સામીપ્ય અને તેની મહત્તા :

આધ્યાત્મિક માર્ગમાં સ્થૂળ ક્રિયાત્મક ભાગની સાથે માનસિક તત્ત્વની મહત્તા એટલી જ સ્વીકારાયેલી છે. સાચા આધ્યાત્મિક સમાસ અને પ્રગતિ માટે સ્થૂળ કરતાં આંતરિક જોડાણ વિશેષ ભાગ ભજવે છે.

ઈષ્ટદેવ સાથે શારીરિક સાંનિધ્ય, તેમની સ્થૂળ દેહે પરિચર્યા એ તો વિશિષ્ટ લાભ છે જ. આ સેવા છે.

વચનથી તેમના દિવ્યગુણોનું ગાન કરો, આ

વાચિક સેવા છે.

આ બંને પ્રકારની સેવાથી સમાસ થાય છે અને આનંદ વર્તે છે. પરંતુ આ બંને પ્રકારની સાથે મન જોડવાની વાત જો ન સમજાય તો દોડાદોડી કે ફાંફા મટતા નથી.

દક્ષિણ ભારતમાં પંચરાત્ર નામે વેદ જેટલો પ્રમાણભૂત, લોકહૃદયમાં અને વિદ્વાનોમાં અનેરી પ્રતિષ્ઠા પામેલો ગ્રંથ છે. તેમાં ભગવાન સાથે જોડવાની બે રીત દર્શાવી છે.

૧. બહિર્યોગ ૨. અંતર્યોગ

બર્હિયોગ એટલે સ્થૂળ દેહથી થતી બધી પૂજાવિધિ, આરતી, સ્નાન, દંડવત્ પ્રણામ વગેરે... પરંતુ આ બહિર્યોગ કરતાં પહેલા નેત્ર મીંચીને અંતર્યોગ સાધવાની પ્રાથમિક જરૂરિયાત ગણાવી છે.

અંતર્યોગમાં કરવાનું શું?

મનથી દેહને બાળીને તેની રાખમાંથી નવા ભાગવતી શરીરની ઉત્પતિ કરવી અને, ત્યારબાદ એ નવા દિવ્ય શરીરને પોતાનું રૂપ માની પૂજાવિધિમાં પરોવવું.

આ અંતર્યોગ એ માનસીપૂજાની ભૂમિકા જેવી જ એક પ્રક્રિયા છે બોટાદના શિવલાલ શેઠ આ રીતે મનોભૂમિકા તૈયાર કરીને મહારાજનું ધ્યાન માનસી પૂજા કરતા. આ શિવલાલ શેઠ સતત બે પહોર કરતા. બે પહોર એટલે કે સતત ૬ કલાક તેઓ મનથી ભગવાન સાથે જોડાઈ શકતા.

-પ્રત્યક્ષ પૂજાની મર્યાદાઓ :

પ્રત્યક્ષ પૂજા એટલે સ્થૂળ શરીર દ્વારા પોતે કરી શકે, અને બીજા પણ જોઈ અનુભવી શકે તે રીતે વિવિધ ઉપચારો દ્વારા ભગવાનની પૂજા.

આવી પ્રત્યક્ષ પૂજા મુશ્કેલ છે. શા માટે ? તેના કારણો નીચે મુજબ છે.

૧. સ્થળની મર્યાદા :- ભુજ, અંજાર કે માંડવીમાં જઈને મહારાજની પ્રત્યક્ષ પૂજા કરવી હોય તો નાગપુર, વલસાડ કે મુંબઈના હરિભક્તો મહિનામાં કેટલી વાર જઈ શકે ?

છપૈયા મંદિરમાં ધૂન કરવા અમેરીકા કે ઓસ્ટ્રેલીયાથી હરિભક્તો કેટલી વાર પ્રત્યક્ષ રીતે આવી શકે ?

એટલે સ્થળનું આવરણ પ્રત્યક્ષ પૂજામાં આવે છે. આપણે ધારીએ ત્યારે, ધારીએ ત્યાં જઈ શકતા નથી.

૨. આર્થિક પ્રશ્ન :- સ્થળ પર પહોંચવા ભાડાં કે સાધન સામગ્રીનાં ખર્ચ પણ રોજ ક્યાં આપી શકીયે એમ છીએ ?

૩. સમય :- સમય પણ ક્યાં છે ? શ્રાવણ માસમાં સળંગ એક મહિનો મંદિરે દર્શન, સમાગમ કે પૂજા કરવા માટે આપણને સમય કે શ્રધ્ધા છે ખરી ?

૪. સાધન સામગ્રી : - ભગવાન આગળ અન્નકૂટ કરવો હોય, ને આપણે એકલાએ જ પ્રત્યક્ષ રીતે ૪૦૦ વાનગી તૈયાર કરવાની ને ધરાવવાની હોય તો ધીરજ રહે ખરી ?

એનું સીધું-સામાન, રાંધવાની ક્રિયા, વાસણોની ગોઠવણી... આ બધી વાતો પ્રત્યક્ષ રીતે કોઈને અનુકૂળ આવે એવી નથી. ને કદાચ થાય તોપણ વર્ષમાં એકાદ વાર માટે શ્રધ્ધા રહે.

સાથે સાથે ભગવાનની મૂર્તિની પ્રત્યક્ષ પૂજા માટે નિત્ય નવા વાઘા, આભૂષણો, સોના-ચાંદીના થાળ, પાંચ આરતી, શયન-જાગરણની સેવા... આ બધામાં વિપુલ પ્રમાણમાં સાધન અને માણસોની જરૂર પડે.

૫. વર્ણાશ્રમ :- શ્રીજી મહારાજે ભગવાનની ભક્તિ પોતપોતાના ધર્મમાં રહીને કરવાની કહી છે. તો બધા જ વર્ણના ભક્તો પ્રત્યક્ષ રીતે નર-નારાયણદેવ-હરિકૃષ્ણ મહારાજ આગળ જઈને બધું જ જમાડી શકતા નથી.

સાથે સાથે વર્તમાનના નિયમોની મર્યાદા પણ આવે છે. વળી મહિલા વર્ગને તો તેમની પ્રત્યક્ષ સેવાનો ક્યારેય અવકાશ મળતો નથી.

૬. સમુદાય :- દિન-પ્રતિદિન વિકસતા વિશાળ સમુદાયને ઈષ્ટદેવની પ્રત્યક્ષ પૂજાનો વ્યક્તિગત લાભ મળવો લગભગ શક્ય નથી.

નર-નારાયણદેવ-હરિકૃષ્ણ મહારાજના

પાટોત્સવમાં ૫૦૦૦ હરિભક્તો આવ્યા હોય, અને બધા જ પુષ્પહાર લઈને પધાર્યા હોય, તો તે પુષ્પમાળા વ્યક્તિગત રીતે ધરાવવાનું શક્ય છે ? તો શું કરવું ?

આનો ઉત્તર શ્રીજી મહારાજે સારંગપુર પ્રકરણના ત્રીજા વચનામૃતમાં આપેલો છે.

પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો હે, મહારાજ ? એક ભક્ત તો નાના પ્રકારની પૂજાસામગ્રી લઈને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે, અને એક ભક્ત તો નાના પ્રકારના માનસિક ઉપચારે કરીને ભગવાનની માનસી પૂજા કરે છે, એ બે ભક્તમાં શ્રેષ્ઠ કોણ છે ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, જો ભગવાનને વિષે પ્રેમે કરીને અતિ રોમાંચિત-ગાત્ર થઈને તથા ગદ્‌ગદ કંઠ થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે. અને પ્રેમે કરીને રોમાંચિત ગાત્ર અને ગદ્‌ગદ કંઠ થયા વિના કેવળ શુષ્ક મને કરીને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે, તો પણ ન્યૂન છે અને માનસી પૂજા કરે છે તોપણ ન્યૂન છે.

અહીં શ્રીજી મહારાજ કહે છે.

પ્રત્યક્ષ પૂજા = માનસી પૂજા

બીજા શબ્દોમાં,

એક ભક્ત સોનાના સિંહાસનમાં લાખ રૂપિયાની ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવે, અને સોનાની આરતીથી આરતી ઉતારે ને બીજો ભક્ત ખૂણામાં બેસીને ફક્ત મનમાં ભાવના જ કરે કે મેં સોનાના સિંહાસનમાં ઘનશ્યામ મહારાજની સોનાની મૂર્તિ પધરાવી છે, અને આરતી ઉતારું છું.

શ્રીજી મહારાજના મત મુજબ બંનેને સરખું ફળ.

એક વ્યક્તિ ઠાકોરજી માટે વરિયાળીનો ૨૫ ફૂટ લાંબો હાર જાતે મહેનત કરીને બનાવીને અર્પણ કરે, અને બીજી વ્યક્તિ ઘેર બેઠા માનસીમાં ૨૫ ફૂટનો હાર અર્પણ કરે. તો વચનામૃત સારંગપુર-૩ મુજબ બંનેને સરખું ફળ.

ટૂંકમાં, ઈષ્ટદેવનાં સાંનિધ્ય અને પરિચર્યા તાદૃશ અનુભવવાનો સૌથી સરળ અને અકસીર ઈલાજ એટલે માનસી પૂજા.

એમાં ન કોઈ સ્થળનું બંધન-મનથી ધારો ત્યાં જઈ શકો.

વિના ટિકીટ કે ભાડે...

ન સમયનું બંધન : ધારો ત્યારે જઈ શકો.

પ્રત્યક્ષ રીતે તો ઠાકોરજી શયનમાં જાય પછી ન મળાય, પણ માનસીમાં તો રાતે ૨ વાગ્યે પણ પાસે જઈ શકાય.

ન સાધન-સામગ્રીનું બંધન : રોજ નવા સોનાના થાળમાં અન્નકૂટ જમાડો-ભાવે એ વાનગીઓ ધરાવો. કોઈ રોકનાર કે ટોકનાર નહિ.

ન વર્ણાશ્રમ કે જાતિલિંગનું બંધન : તમે બ્રાહ્મણ હો કે ન હો, પુરુષ હો કે મહિલા હો. માનસી પૂજામાં ભગવાનને તમને રુચે એ પ્રકારે રમાડી-જમાડી શકો.

બીજા શબ્દોમાં માનસી પૂજારૂપી એક અદ્‌ભુત સાધન શ્રીજી મહારાજે આપણને ભેટ આપ્યું છે. જેના દ્વારા કેવી અદ્‌ભુત પ્રાપ્તિ થાય છે એ વાત પણ શ્રીહરિના શબ્દોમાં જ જોઈએ.

"જો ભગવાનનો ભક્ત ત્રણે ઋતુમાં ભિન્ન-ભિન્ન પૂજા કરે તો તે ભક્તને ભગવાનને વિષે હેતની વૃદ્ધિ થાય છે. ને તેના જીવને બહુ સમાસ થાય છે. માટે જેણે આ વાત સાંભળી છે, તે નિત્ય આવી રીતે ભગવાનની માનસી પૂજા કરજ્યો, ને આવી વાત અમે કોઈ દિવસ કરી નથી." (વચનામૃત : ગ.અં. ૨૩)

મોંમા પાણી આવે તેવી માનસી પૂજાની પ્રત્યક્ષ પૂજા જેટલી સામર્થી સાંભળીને આપણે માનસી પૂજા કરવા તરત લલચાઈએ એ સ્વાભાવિક છે.

પરંતુ માનસી પૂજાનું ફળ પ્રત્યક્ષ પૂજા જેટલું જ મળે ક્યારે ? એ વાત આવતા અંકે સમજીશું.

# THROUGHWAY TO HAPPINESS

- વિદ્યાર્થી સ્વામી રાઘવમુનિદાસજી

Every one of us is searching after happiness but we do not know what real happiness is. Practically speaking we see so few happy people. This is because so few people know that the platform of real happiness is in the Idol (murti) of lord. Happiness is generally perceived through our senses. A stone, for instance, has no sense and cannot perceive happiness and pain. Every living being feels happiness and pain according to the degree of development of his perception. The happiness that we are experiencing in this world is not real happiness. There are different kinds and grades of living entities, and their conceptions and perceptions of happiness are also of all different types and grades.

What is the highest happiness?

सुखमात्यन्तिकं यत्ताद्बुद्धिग्राह्यमतीन्द्रियम् ।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्तवत ः।।

"In that joyous state (Samadhi), one is situated in infinite transcendental happiness and enjoys himself through transcendental senses. Established thus, one never departs from the truth."

Budhi means intelligence. One has to be intelligent if he wants to enjoy. The hands, nose, eyes, the other senses organs and all the bodily parts may be present one dead man, but he cannot enjoy. Why not? The soul (jeev) has left, and therefore the body has no power. The Vedas confirm that the soul although atomic in size, is the actual enjoying agent. We are trying to get happiness and pleasure from this world and this body. There may be little feeling of pleasure, for it is temporary.

The process for establishing oneself in real happiness is this process of chanting the holy names, dancing in happiness, associating with saintly devotees, serving the idols of lord, understanding deep philosophy, and hearing and preaching the leelas and Glories of lord. It is a life of ever-increasing pleasure, and it eventually brings us to the point where we can directly see lord and speak with him face to face. By practice, we can gradually develop our real intelligence, and naturally enjoy relishing spiritual happiness as we make spiritual progress. As we make progress in understanding the absolute truth, we naturally become detached from this false happiness. If somehow we stand on the platform of real happiness, what is the result?

यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणाापि विचाल्यते ।।

"Upon gaining this, he thinks there is no greater gain. Being situated in such a position, one is never shaken,

even in the center of greatest difficulty"

When one attains that stage, other achievement appears unimportant. This real happiness is so powerful that a little taste can save one from the greatest danger. If one is situated firmly in the real happiness, the greatest danger cannot disturb him. We may have many dangerous moments in our lives, but if we are preparing ourselves to go home, back to heaven (Akshardham), we will not care for them. Our attitude will then be: "dangers come and go – so let them happen" The "yoga" process is meant to control these senses. If somehow we can manage to control the senses, we can turn our face to actual spiritual happiness and make our lives successful. The mind strays from the idols of lord to so many external objects because from time immemorial, life after life, that has been our practice. Due to this, there may be great difficulty in the beginning when one tries to fix his mind in the idol of lord, but these difficulties can all be overcome. If we follow the rules and regulations, gradually the mind will come under control. Specifically by chanting the holy name of lord, the wild mind will gradually come under our control. To enjoy the real happiness, we must situate ourselves in our real identity as BHRAM.

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજ
## ધો. ૯ ના પ્રવેશ અંગેની સૂચનાઓ
## જૂન, ૨૦૧૬ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે માત્ર ધો. ૯ના

પ્રવેશ અંગેની સૂચનાઓ નીચે મુજબ છે.

(૧) ધો. ૯માં માત્ર બહાર ગામના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.
(૨) પ્રવેશ મેળવવા માટે પ્રવેશ પરીક્ષા આપવાની રહેશે.
(૩) પ્રવેશ પરીક્ષા તા. ૩-૫-૨૦૧૬ મંગળવારે સવારે ૯:૩૦ વાગ્યે શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજ મધ્યે લેવાશે.
(૪) પરીક્ષાર્થીએ સવારે ૯:૦૦ કલાકે હાજર થઈ જવું.
(૫) પેપર લખવા માટે બોલપેન તથા ઓઠા માટે પાટિયું સાથે લાવવા.
(૬) ધો. ૮ના પરિણામપત્રક (માર્કશીટ)ની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.
(૭) પરીક્ષા ૫૦ ગુણની રહેશે, જેમાં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનના પ્રશ્નોના જવાબ લખવાના રહેશે.
(૮) પ્રવેશ પરીક્ષાનું પરિણામ તા. ૫-૫-૨૦૧૬ ગુરુવારના સવારે ૯:૦૦ કલાકે સંસ્થાના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવશે.
(૯) મેરીટ ક્રમ પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે. જે વિદ્યાર્થીને પ્રવેશ મળેલ હશે તેનું નામ પ્રવેશયાદીમાં લખેલું હશે. પ્રવેશપાત્ર વિદ્યાર્થીએ પોતાની ફી બે દિવસમાં ભરી જવાની રહેશે.
(૧૦) પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ પોતાનું અસલ સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ (એલ.સી.) તથા માર્કશીટની ઝેરોક્ષ નકલ તેમજ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો તા. ૫-૫-૨૦૧૬ના દિવસે જ સંસ્થાના કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે.
(૧૧) વિદ્યાર્થી ભવનનું સરનામું : શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય માર્ગ, સંસ્કારનગર, ભુજ-કચ્છ

ફોન નંબર(૦૨૮૩૨) ૨૨૦૩૩૨

પ્રમુખ - મંત્રી - સંચાલક,
શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજ

# કચરામાં કુંદનનો વાસ !

- અતુલ બી. પોથીવાલા, અમદાવાદ

વાગડ વિસ્તારમાં પહાડ પર વસેલાં નાનકડાં કંથકોટ ગામમાં એક કચરા ભગત રહે. ભગત અને એમનાં પત્ની બંને જણ શાકભાજી વેચવાનો ધંધો કરે. બકાલું વેચતાં વેચતાં જે કાંઈ મળે તેમાંથી ચોખ્ખો ધર્માદો કાઢીને બાકી રહે તેમાંથી પોતાનું ગુજરાન ચલાવે. વ્યવહારે ભલે દુર્બળ પરંતુ શ્રીહરિ પ્રત્યેની શ્રધ્ધા અને દૃઢતામાં બંને શૂરવીર.

એક દિવસ શ્રીજી મહારાજ આધોઈથી બારોબાર કંથકોટ પધાર્યા. પોતાના પ્રેમભક્ત કચરાની ભાળ લેવા ભગવાન પહાડ ચડીને ઉપર પહોંચ્યા. સવારનો સમય અને કોઈનેય કહ્યાં વગર પ્રભુ એકલા જ આવેલા. પોતાનાં આંગણે સ્વયં પ્રભુને પધારેલા જોઈ કચરા ભગત તો રાજી રાજી થઈ ગયા. મહારાજને ઢોલિયો ઢળાવીને બિરાજમાન કર્યા, દંડવત પ્રણામ કરવા લાગ્યા.

મહારાજ કહે, ‘‘દંડવત્ રહેવા દો અમને ખૂબ ભૂખ લાગી છે.’’ સાચા ભક્તને ઘેર જ્યારે મહારાજ પધારે ત્યારે ભગવાનને ભૂખ ઉઘડે છે !

કચરા ભગત કહે, પણ મહારાજ એક તકલીફ છે. અમારાં ઘરવાળાં પિયર ગયા છે. ઘરમાં હું એકલો જ છું. અને અત્યારે સવારે માણસો બધા શાક લેવા આવે છે. જો હું તમારા માટે રોટલો બનાવા બેસું તો બધા ગ્રાહકો પાછા જાય. અમારે તો મહારાજ રોજનું રળવાનું ને રોજનું ખાવાનું. ગ્રાહકો બધા પાછા જાય તો પછી ખાઈએ શું ? કેવો ભોળો ભક્ત ! પોતાની પરિસ્થિતિ સહજ ભાવે મહારાજને જણાવી દીધી !

મહારાજ મંદ મંદ હસ્યા. પ્રભુ કહે, ‘‘ભગત એમ કરો, તમે રોટલો બનાવો અને અમે શાક વેચવા બસીએ !’’

ભગવાનને તો રસોઈ બનાવતા આવડતી હતી પરંતુ એમને તો ભક્તના હાથનું જ બહું ભાવે ને ? પોતાના પ્રેમી જે ભક્તજન તેમને લાડ લડાવવા સારું તો અનંતકોટી બ્રહ્માંડનો અધિપતિ આજે સોંઘો બનીને ઘેર ઘેર વિચરણ કરી કહ્યો હતો !

કચરા ભગત ઘડી ભર વિચાર કરવા લાગ્યા. એમને બીજો વાંધો નહોતો પણ એક બીક લાગી. મહારાજ તો બહુ દયાળુ છે, ઉદાર છે, જો શાક વેચવા બેસે અને કોઈ શાક લેવા આવે તો ઘણું નુકસાન થાય ને ? પણ ભગવાને કીધું છે એટલે ના તો પડાય નહિ. ભગવાન પોતાના ભોળા ભક્તના આવાં ઘાટ સંકલ્પ જાણી વધારે હસ્યા !

મહારાજ તો ઓટલે શાક વેચવા બેસી ગયા. આ બાજુ ભક્ત રસોડામાં રોટલો ઘડે પણ મન તો બહાર મહારાજમાં રાખેને કોઈ શાક લેવા આવે ને મહારાજ વધુ આપી દેશે તો ?

કચરા ભગતની ચિત્તવૃત્તિ જાણે મહારાજ શું કરે છે એ જોવાં જ સ્થિર થઈ ગઈ.

આ બાજુ કોઈ બહેન શાક લેવાં આવ્યાં. મહારાજે છાબડાં તૈયાર કર્યાં. એક બાજુ બેશેર વજન મૂક્યું. બીજી બાજુ વૈતાંક મૂક્યાં અને ત્રાજવું ઊંચું કર્યું. શાકની બાજુ જરા નમતી દેખાણી એટલે મહારાજે રીંગણું બદલી એક નાનું રીંગણ મૂક્યું ! એક

સરખો કાંટો જ્યારે આવ્યો એટલે મહારાજ કહે, ''લ્યો, આ બેશેર રીંગણાં.'' શાક લેવા વાળી બાઈ કહે, ''કોણ છો તમે ?'' આ તે કાંઈ સોનું જોખવા બેઠા છો ? ભગત તો કાયમ થોડું વધારે આપે છે. તમે છો કોણ ? શ્રીજી મહારાજ કહે, ''અમે ગમે તે છીએ, તમારે લેવું હોય તો લો, નહિ તો જાઓ. આ કાંઈ મફત નથી આવતું. ઠેઠ આધોઈથી પહાડ ચડાવીને લાવીએ છીએ. ઘોડાનું ભાડું ચૂકવવું પડે છે...''

ભગતે આ સંવાદ સાંભળ્યો. ભગતને થયું હા...શ... મહારાજ કોઈને એક ફોડવું પણ વધારે નહિ આપે. મહારાજને બધું ફાવે, ઉદાર થતાંય આવડે ને કંજુસ બનતા પણ આવડે. છેવટે આ બધું ભક્ત માટે હતું ને ?

કચરા ભગતે સુંદર મજાનો રોટલો, રીંગણનું શાક અને ગરમાગરમ શીરો તૈયાર કર્યાં. મહારાજને થાળ ધરાવ્યો. મહારાજ પ્રેમથી આ ગરીબ ભક્તના હાથની રસોઈ જમ્યા. જમતાં જમતાં મહારાજ કહે, 'હે ભગત ! બહુ દહાડા તમે દુઃખી રહ્યા. તમારું દુઃખ દૂર કરવા જ અમે આજે આવ્યા છીએ. બસ આજે જ આ ઘર ખાલી કરી, ઉચાળા ભરી આધોઈ જતા રહો, ત્યાં સુખી થશો' મહારાજ આશીર્વાદના બોલ બોલ્યા.

મહારાજે પ્રસાદીનો વધેલો થાળ ભગતને આપ્યો. ચળુ કરીને મહારાજ વિદાય થયા. દૂર દૂર સુધી મહારાજનું છોગલું દેખાતું બંધ થયું ત્યાં સુધી કચરા ભગત અનિમિષ નયનો શ્રીહરિનો પહાડ-ઉતરતા નિરખી રહ્યા.

ભગવાનની આજ્ઞા થઈ એટલે સાંજે ઘરવાળાં આવ્યાં ને બીજા જ દિવસે ઘરવખરી લઈને આધોઈ ગામ ઉપડી ગયા. કશો જ સંશય મનમાં થયો નહિ, મહારાજે કીધું છે એટલે અમલમાં મૂકવાનું જ છે !

આધોઈમાં કચરા ભગતનો શાકભાજીનો વેપાર ખૂબ ફૂલ્યો ફાલ્યો અને મહારાજના આશીર્વાદથી ભગત પછી તો ખૂબ સુખી થયા, કચરા શેઠ તરીકે નામના પામ્યા.

આજે પણ કચરા ભગતનો પરિવાર ત્યાં છે, ભક્ત કુટુંબ છે, સારા સત્સંગી છે, સૌ સુખી છે.

મહારાજ જેમ કહે તેમ કરીએ તો સુખ હાથવેંતમાં જ હોય છે, પણ જો મહારાજના બોલ-એમની આજ્ઞાને બુદ્ધિના તર્ક-વિતર્કથી તોલવા જઈશું તો પછી મહારાજ કહે છે તેમ તમારેને અમારે કોઈ લેણાં-દેણાં નથી. આ તો જે સાચો થઈને મન અર્પે એનાં માટે જ આ બધું છે.

નામ ભલે કચરા ભગત હતું પરંતુ એ જ કચરાનાં હૃદયમાં શ્રીહરિ પ્રત્યેની અસીમ શ્રધ્ધા અને નિષ્ઠાનું કુંદન સદાયને માટે ચમકતું રહ્યું.

## આગામી માસની કથાઓ

| તારીખ | ગામ | યજમાશ્રીઓ |
|---|---|---|
| ૧-૪-૧૬ | માધાપર | કથા પારાયણ દિવસ પાંચની |
| ૭-૪-૧૬ | ભુજ | સમૂહ ભાગવત કથા પારાયણ દિવસ સાતની |
| ૧૪-૪-૧૬ | આધોઈ | કથા પારાયણ દિવસ ત્રણની |
| ૨૩-૪-૧૬ | ભક્તિનગર | પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ પાંચની |
| ૨૬-૪-૧૬ | માંડવી-નાગલપર | નાગેશ્વર મંદિર કથા પારાયણ દિવસ પાંચની |
| ૨૬-૪-૧૬ | સુરજપર | કથા પારાયણ દિવસ પાંચની |
| ૨૭-૪-૧૬ | મદનપુર | પાટોત્સવ નિમિત્તે કથા પારાયણ દિવસ પાંચની |
| ૩૦-૪-૧૬ | ચિત્રોડ | કથા પારાયણ દિવસ સાતની |

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## શ્રીહરિકૃષ્ણ મહારાજના ૧૪૯મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ

ભુજ મંદિરમાં તા. ૬-૩-૨૦૧૬ થી તા. ૧૦-૩-૨૦૧૬ સુધી શ્રીહરિકૃષ્ણ મહારાજનો ૧૪૯મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

પ્રથમ દિવસે તા. ૬-૩-૨૦૧૬ના સવારે ૮ વાગે પોથીયાત્રા શ્રીનરનારાયણદેવના ચરણકમળ સાંનિધ્યથી યજમાનશ્રી તેમજ તેમના ભાઈઓએ વાજિંત્રોના સૂર સાથે વાજતે ગાજતે પોથીઓનું પૂજન થયા બાદ સભામંડપમાં લાવવામાં આવી. આરતીબાદ કથાના વક્તાશ્રીએ કથાનો પ્રારંભ કરેલ.

વક્તાપદે શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તેમજ શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞમાં દરરોજ સવારે તેમજ બપોર પછી સુંદર રીતે કથાનું રસપાન કરાવેલ.

પ્રથમ દિવસે બપોર પછીના કથા સત્રમાં શ્રીઘનશ્યામ મહારાજનું પ્રાગટ્ય ધામધૂમથી કરવામાં આવ્યું હતું. પારણામાં ઝુલેલા શ્રીઘનશ્યામ મહારાજની મહંત સ્વામી અને યજમાનશ્રીએ આરતી ઉતારી હતી.

બીજા દિવસે શ્રીઘનશ્યામ મહારાજની બાળલીલાની કથા વક્તાશ્રીએ સુંદર રીતે કરેલ. દરરોજ સભામાં જુદા જુદા વડીલ સંતોએ આશીર્વાદ આપ્યા હતા.

તા. ૯-૩-૨૦૧૬ બપોર પછીની કથામાં પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ હાજર રહેલ. તેઓનું ઊભા થઈ કથાના ભાઈ-બહેનોએ સ્વાગત કરેલ. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ સુંદર પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કરેલ.

આ પ્રસંગે પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજએ આશીર્વચનમાં જણાવેલ કે ભગવાનની કૃપા હોય તેને જ શ્રીનરનારાયણદેવના સાંનિધ્યમાં કથાનો લાભ મળી શકે. તમો બધા ભાગ્યશાળી છો. ભગવાનનો આશરો ક્યારે ન છૂટે તેવી આસક્તિ રાખવી. યજમાનશ્રીને ધન્યવાદ આપેલ. તેઓનું ભગવાન પ્રત્યે નિષ્ઠા છે. દરેકને મહારાજ સુખીયા કરે તેવા રૂડા આશીર્વાદ આપેલ.

કથાના પાંચમાં દિવસે વહેલી સવારે ૫:૩૦ વાગ્યાથી વેદોક્ત મંત્ર દ્વારા પંચામૃત મહા અભિષેક તથા અન્નકૂટ દર્શન આચાર્ય મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજવામાં આવેલ. ૨૪ ગામથી ભાઈ-બહેનો વહેલી સવારે આ લ્હાવો લેવા આવી પહોંચ્યા હતા. અન્નકૂટની આરતી યજમાનશ્રી તથા મહારાજશ્રી, મહંત સ્વામી સાથે વડીલ સંતો સાથે લાભ લીધેલ.

અંજાર મંદિર તેમજ ભુજ મંદિર આગામી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં ૧૪ પોથીઓ નોંધાવેલ. તા. ૯-૩-૧૬ના ભગવાનના વાઘાઓ પણ યજમાનશ્રીએ આપેલ.

ત્યારબાદ સ.ગુ. કોઠારી જાદવજી ભગત તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આશીર્વાદ યજમાનશ્રીને આપેલ.

યજમાનશ્રી વતી પ્રેમજીએ આભાર માનતા જણાવેલ કે અમોને જે આ લાભ આપવામાં આવ્યો તે બદલ મહંત સ્વામી તેમજ વડીલ સંતો વિગેરેનું આભાર માનેલ.

ત્યારબાદ મહંત સ.ગુ.સ્વામી ધર્મનંદનદાસજીએ આશીર્વાદ પ્રવચનમાં જણાવેલ કે કચ્છના હરિભક્તોની સેવા કચ્છ બહાર જ્યાં જશો ત્યાં જોવા મળશે. યજમાનશ્રીને રૂડા આશીર્વાદ સાથે જણાવેલ કે આવા કાર્ય કરતા રહે તેવી ભગવાનશ્રી સ્વામિનારાનાયણની અમી દૃષ્ટિ રહે તેવા રૂડા આશીર્વાદ આપેલ હતા.

કથાના મુખ્ય યજમાનશ્રી પ.ભ. કાનજીભાઈ વાલજી ભુડીયા સહપરિવાર, સુખપરવાળાએ આ કથાનો લાભ લીધેલ. આ કથાના કાર્યક્રમને સફળ બનાવવા માટે સ.ગુ. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા અન્ય સંતોએ મહેનત કરેલ. પૂર્ણાહુતિની આરતી મહારાજશ્રી તેમજ મહંત સ્વામી આદિ વડીલ સંતો તેમજ યજમાનશ્રી તથા તેમના પરિવારે ઉતારેલ હતી.

અહેવાલ :- પ્રાણલાલ ગોર

## ભુજ મંદિરે ફુલડોલોત્સવ ધામધૂમથી ઉજવાયો

ભુજમાં શ્રીનરનારાયણદેવ જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

તા. ૨૩-૩-૧૬ બુધવાર ફાગણ સુદ ૧૫ ઉતર ફાલ્ગુની નક્ષત્ર યોગ હોવાથી આજે નરનારાયણદેવ જયંતી ફુલડોલ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

વહેલી સવારથી પૂનમ હોવાથી કચ્છ, સૌરાષ્ટ્ર ગુજરાષ્ટ્, મુંબઈથી દર માસે પૂનમ ભરવા આવતા હરિભક્તો વિશાળ સંખ્યામાં આવ્યા હતા. શ્રીઠાકોરજીને સોનાની પીચકારી હાથમાં ધરાવવામાં આવી હતી. શ્રીઠાકોરજીને ફુલના હિંડોળામાં ઝુલાવવામાં આવ્યા હતા. એકાદશી અને પૂનમમાં ઓરછવીયા તરફથી હોળીના પદ ગાઈ ઉત્સવ કરવામાં આવ્યો હતો. તમામ દર્શનાર્થીઓને ધાણીનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો. ફુલડોલોત્સવના યજમાન ગીરીશકુમાર સુરેશભાઈ ગણાત્રા પરિવાર, મુંબઈ, રસીકલાલ બાબુલાલ સલાટ, ભુજ રહ્યા હતા.

અહેવાલ :- કોઠારી પાર્ષદ દિનેશ ભગત

## ફાગણ સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

● પ.ભ. નાનજીભાઈ કાનજી મેપાણી ધ.પ. પ્રેમીલા નાનજી, સુખપર ● પ.ભ. અ.નિ. શામજી લાલજી રાબડીયા ધ.પ. પુરબાઈ હ. પરબત શામજી, સરલી ● પ.ભ. વાલજીભાઈ રામજીભાઈ નાકરાણી, ઈન્દોર ● પ.ભ. કેશરબેન કાનજી પરબત કેરાઈ, પુત્ર પ્રવિણ કાનજી ધ.પ. રમીલા પ્રવિણ સુત રાજ તથા જયેશ, ભક્તિનગર ● પ.ભ. હરજીભાઈ લાલજી લીંબાણી, દહીંસરા ● પ.ભ. જયેશભાઈ લાલજી ભુડીયા, માધાપર ● પ.ભ. અમરબાઈ વિશ્રામ પિંડોરીયા, હ. જાદવજી દેવજી, નારણપર ઉ.વા. ● પ.ભ. રસિકભાઈ રવજી શીયાણી, મીરજાપર ● પ.ભ. પ્રતાપભાઈ દેવકરણ સોમૈયા, મુલુન્ડ મુંબઈ ● પ.ભ. નેહારિકાબેન રવજી જેસાણી, દહીંસરા ● પ.ભ. હિતેશભાઈ વાલજી પિંડોરીયા, માધાપર ● પ.ભ. સુરેશભાઈ દેવજી ગાજીપરા, મેઘપર ● પ.ભ. ધૈર્યા જગદિશ પ્રેમજી વેકરીયા, નાગલપર માંડવી ● પ.ભ. ભીમજીભાઈ કાનજી દબાસીયા, માનકુવા ● પ.ભ. મનજીભાઈ રામજી વાઘજીયાણી, ધ.પ. પ્રેમબાઈ, સુખપર ● પ.ભ. ધ્રુવભાઈ અશોકભાઈ ગોરસીયા, નરનારાયણ નગર ● પ.ભ. વિશ્રામભાઈ દેવશીભાઈ હાલાઈ, મેઘપર ● પ.ભ. વાલજીભાઈ મનજી ગાજીપરા, નારણપર ● પ.ભ. પુત્રી જીગ્નાબેનની માનતા નિમિત્તે હ. વાલજીભાઈ માવજીભાઈ ચૌધરી, ભારાપર ● પ.ભ. કાનજીભાઈ લક્ષ્મણ રાબડીયા, માંડવી ● પ.ભ. હીરવાબેન વિપુલભાઈ સોની, અંજાર ● પ.ભ. કલ્યાણજી રામજી હીરાણી, માંડવી ● પ.ભ. અ.નિ. દેવજીભાઈ ખીમજી હરજી કાકરવારા, બળદીયા ઉ.વા. ● પ.ભ. દેવુબેન નારણ રૂપાલીયા, પૌત્રના જન્મદિવસ પ્રસંગે, હરિપર ● પ.ભ. નિલેશભાઈ કલ્યાણ હીરાણી, કેરા ● પ.ભ. દિપકભાઈ કાનજી હાલાઈ ધ.પ. સવિતાબેન, રામપર ● પ.ભ. કુરજીભાઈ પ્રેમજી હાલાઈ, કોડકી ● પ.ભ. હરિશભાઈ કાનજી કેરાઈ, નાગલપર માંડવી ● પ.ભ. કુંવરજીભાઈ માવજી હીરાણી, નારણપર ની.વા. ● પ.ભ. રામબાઈ માવજી જેસાણી સુત ગોપાલ તથા મનજી, દહીંસરા ● પ.ભ. દિનેશભાઈ શામજી ખીમાણી તથા ભૂપેન શામજી ખીમાણી, દહીંસરા ● પ.ભ. પ્રેમજીભાઈ કેશરા મેપાણી, સુરજપર ● પ.ભ. અ.નિ. કાંતિભાઈ વાલજી વેકરીયા હ. ધ.પ. ચંપાબેન, નારણપર ● પ.ભ. લાલજીભાઈ પ્રેમજી પિંડોરીયા, સામત્રા ● પ.ભ. બંસીભાઈ કુરજી વરસાણી, ભક્તિનગર ● પ.ભ. સુરેશભાઈ ઠક્કર, ભુજ ● પ.ભ. નિલેશભાઈ લાલજી વેકરીયા, માધાપર ● પ.ભ. ઉમેશભાઈ જયંતભાઈ ભટ્ટ, ભુજ ● પ.ભ. મિનેષભાઈ નાથાલાલ રાબડીયા, સુરજપર-લંડન ● પ.ભ. જયંતિભાઈ વિશ્રામ વરસાણી, સુખપર ● પ.ભ. પ્રકાશભાઈ લાલજી હીરાણીની સગાઈ પ્રસંગે હ.ક્રિષ્નાબેન, કોડકી ● પ.ભ. પ્રેમીલાબેન વાલજી પિંડોરીયા, હ. વાલજી હરજી પિંડોરીયા, વેકરા હાલે ભુજ ● પ.ભ. ચંપાબેન ધનજી વરસાણી હ. ધનજી કેશરા વરસાણી, વાડાસર ● પ.ભ. નારણભાઈ મુળજી આંબાણી, કલ્પેશ, મહેક,પાર્થ, બળદીયા-શીસલ્સ ● પ.ભ. કાન્તાબેન ધનજી ભુડીયા, સુખપર ● પ.ભ. નારણભાઈ મનજી હાલાઈ, સુરજપર ● પ.ભ. મુકેશભાઈ ધનજી ખુથીયા, મુંબઈ ● પ.ભ. નવીનભાઈ કલ્યાણભાઈ રાબડીયા, રામપર નવોવાસ ●

પ.ભ. લાલજીભાઈ વિશ્રામ હીરાણી, ફોટડી ● પ.ભ. ઉર્મિલાબેન ભરતભાઈ પટેલ હ. અમિત પટેલ, અમદાવાદ ● પ.ભ. પુષ્પાબેન ભીમજી લાલજી વેકરીયા, નારણપર ● પ.ભ. વૃત્તિકાબેન દેવજી નારણ રાઘવાણી, બળદીયા ● પ.ભ. લખમણભાઈ કરસન હીરાણી, બળદીયા ● પ.ભ. રીપેશભાઈ રામજી હાલાઈ, કોડકી ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી મેઘબાઈ મનજી કેરાઈ, વાડાસર

- સાં.યો. નીતાબેનની પ્રેરણાથી સુભાષ મનહરલાલ કતીરા, નેત્રા હાલે ભુજ ● સાં.યો. નીતાબેનની પ્રેરણાથી અરવિંદભાઈ પુરુષોત્તમભાઈ હીરાણી, સુખપર ● પ.ભ. કુ. મયુરીબેન પ્રેમજી હીરાણી હ. પ્રેમજી લાલજી હીરાણી, રામપર હાલે વુલ્વીચ ● પ.ભ. મંજુલાબેન કિશોર જેસાણી, બળદીયા ● પ.ભ. કાન્તાબેન વિશ્રામ હીરાણી, કેરા ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી ક્રિષ્નાબેન રમેશ હિરાણી, મીરજાપર ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી દિપક મનજી વેકરીયા, મીરજાપર ● પ.ભ. સુરેશભાઈ માવજી વેકરીયા, માંડવી ● પ.ભ. ગોવિંદભાઈ કરસન હીરાણી, સુખપર ● સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીની પ્રેરણાથી દિપ ઈશ્વરલાલ પરમાર, અંજાર ● પ.ભ. સુરેશભાઈ કલ્યાણ વેકરીયા, રામપર ● પ.ભ. હિરુબેન લાલજી મેપાણી હ. લાલજીભાઈ નારણ મેપાણી, સુખપર ● પ.ભ. શીવજીભાઈ પ્રેમજી ભુડીયા, ફોટડી ● પ.ભ. સુશીલાબેન પ્રદિપભાઈ બાવા હ. પાર્થ પદિપ બાવા, ભુજ ● પ.ભ. વ્યાસભાઈ મયુર રસિકભાઈ, અંજાર ● પ.ભ. મનજીભાઈ હરજી છભાડીયા, કાન્તાબેન હરજી, માંડવી ● પ.ભ. કમલેશભાઈ ખીમજી જેસાણી, દહીંસરા ● પ.ભ. ભરતભાઈ રામજી વેકરીયા, રામપર વેકરા હાલે નૈરોબી ● પ.ભ. દેવજીભાઈ જેઠાભાઈ પોકાર, હ. કિશોરભાઈ દેવજી, હરિપર હાલે કોચીન ● પ.ભ. લાલજીભાઈ શીવજી મેપાણી, બળદીયા ● પ.ભ. શીવજીભાઈ દેવજી વેકરીયા હ. સાં.યો. નીતાબેન, નારણપર ની.વા. ● સાં.યો. મહંત સામબાઈ ફઈની પ્રેરણાથી હ. યાજ્ઞિક નારણ હીરાણી, મીરજાપર ● પ.ભ. મંજુલાબેન પ્રેમજી રાબડીયા, માંડવી ભારાપર ● પ.ભ. માવજીભાઈ ગોપાલ પિંડોરીયા હ. જેન્તી ભગત, સામત્રા ● પ.ભ. લાલજીભાઈ હરજી પિંડોરીયા, સામત્રા ● પ.ભ. મુકેશભાઈ જગદીશ શીયાણી, કોડકી ● પ.ભ. મુક્તાબેન અરજણ ભુડીયા, હ. અરજણ લખમણ ભુડીયા, માધાપર ● પ.ભ. લાલજીભાઈ કરસન વરસાણી, મદનપુર ● પ.ભ. લાલજીભાઈ કરસન વેકરીયા, સુખપર ● પ.ભ. મુક્તિબેન અમિત હાલાઈ હ. દેવશી કરસન હીરાણી (ભુજ), માધાપર-નૈરોબી ● પ.ભ. જશવંતીબેન કાંતિલાલ ભુડીયા, ફોટડી ● પ.ભ. વિવેકભાઈ વાઘજી ગોંડલીયા, મીરજાપર ● પ.ભ. વીરજીભાઈ વિશ્રામ રાબડીયા, હ. લાલબાઈ વીરજી, નાગલપર હાલે કંપાલા ● પ.ભ. ધનુબેન મનજી વેકરીયા, રામપર ● પ.ભ. અમૃતબેન શશી કેરાઈ, દહીંસરા ● પ.ભ. ગોવિંદભાઈ નાનજી હાલાઈ ધ.પ. વીરબાઈ ગોવિંદ, માધાપર ● પ.ભ. ધનબાઈ દેવરાજ હ. કિશોર હાલાઈ, ગોડપર ● પ.ભ. હિનાબેન મનિષભાઈ પટેલ, બળદીયા ● પ.ભ. જશુબેન પ્રેમજી ગોરસીયા, મીરજાપર ● પ.ભ. દક્ષાબેન હરીશ વેકરીયા, માધાપર

- પ.ભ. નિલેશભાઈ ધીરજલાલ પટેલ, ભુજ ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી વેલાણી વિશનજી વેલજી, મદનપુર ● પ.ભ. કરસનભાઈ ધરમશી અનાવરીયા, મેવાસા રાપર મુંબઈ ● પ.ભ. મંજુલાબેન લક્ષ્મણ રાબડીયા, સરલી ● પ.ભ. વીરબાઈ કરસન શીયાણી, સુખપર ● પ.ભ. દિક્ષીબેન અરવિંદ વેકરીયાના જન્મ નિમિત્તે હ. રક્ષા અરવિંદ, માંડવી-પિયાવા ● પ.ભ. કાનજીભાઈ રામજી પિંડોરીયા, સરલી ● પ.ભ. લાલજીભાઈ કરસાન હીરાણી, હ. સ્વામી સત્યપ્રકાશદાસજી, સુખપર ● પ.ભ. અનિતાબેન લક્ષ્મણ વેકરીયા, હ. જાદવજી દેવજી, બળદીયા ● પ.ભ. તારાબેન હરીશ હાલાઈ સહપરિવાર, લંડન ● પ.ભ. ન્માઈ મનસુખ હીરાણી હ. શા. સ્વામી લક્ષ્મજીવનદાસજી, મેઘપર હાલે નૈરોબી ● લકહીર પ્લાસ્ટીક લી. હ. ધનજીભાઈ કુરજી હીરાણી, ભક્તિનગર એલ્ડોરેટ ● પ.ભ. હિતેશભાઈ બાબુલાલ ઠક્કર, ભુજ ● પ.ભ. હરજીભાઈ શીવજી હાલાઈ, હ. શ્યામ હરજી ધ.પ. અમૃતબેન, માંડવી ભારાપર

**શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર યજમાનશ્રીઓ**

● પ.ભ. પુરબાઈ રૂડા વરસાણી હ. પ્રેમજી રત્ના તથા માવજી ભગત, સુખપર ● પ.ભ. અ.નિ. સામજી લાલજી રાબડીયા ધ.પ. ગં.સ્વ. પુરબાઈ શામજી રાબડીયા હ. પરબત સામજી, સરલી

# સત્સંગ સમાચાર

## માંડવીને આંગણે રંગોત્સવ

માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રીઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ તથા રંગોત્સવની ઉજવણી કરવામાં આવી.

ફાગણ સુદ-૧૧ કુંજગલી એકાદશીના પવિત્ર દિવસે સવારના ૮ વાગ્યે પોથીયાત્રા બહેનોના મંદિરેથી સંતો, યજમાનશ્રીઓ પોથીપૂજન કર્યા પછી વાજિંત્ર મંડળી સાથે નીકળી શ્રીસહજાનંદ સભામંડપમાં પોથીઓ આવી. ત્યારપછી ગણપતી વગેરે દેવોનું સ્થાપન પૂજન ભૂદેવો તથા યજમાનોના હસ્તે કરવામાં આવ્યું. ત્યારપછી મહંત સ્વામી આદિ સંતો યજમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી સંગીતની સુરાવલીઓ સાથે કથાનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો.

વક્તાપદે શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા શા. સ્વામી નારાયણપ્રિયદાસજીએ સુંદર શૈલીમાં કથારસપાન કરાવ્યું હતું. સભાસંચાલક પદ શા. સ્વામી કૃષ્ણવિહારીદાસજી સુચારું શોભાવ્યું હતું.

બપોરપછીના સત્રમાં શ્રીઘનશ્યામ પ્રાગટ્ય મહોત્સવમાં માંડવીના કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો વેષભૂષામાં રાસોત્સવ રમ્યા હતા.

બીજે દિવસે બપોરપછીના કથા સત્રમાં દિવાળી દર્શનના અનુભવ કરાવતા દિવડાઓની હારમાળાઓ પ્રગટાવી હતી. તેમજ સભાખંડમાં અન્નકૂટના દર્શન કરાવ્યા હતાં તથા મહા આરતીનું આયોજન કરાયું હતું.

કથાના ત્રીજા દિવસે સવારના સત્રમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી પધાર્યા હતા. સર્વે ભક્તો યજમાનશ્રીઓને આશીર્વાદ આપ્યા હતા. તેમજ વર્તમાન ઉત્સવના ઉપલક્ષ્યમાં પ.ભ. લાલજીભાઈના અધ્યક્ષ હેઠળ માંડવી વિસ્તાર કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો શ્રીહરિ રંગોત્સવ ટૂર્નામેન્ટમાં ક્રિકેટ તથા વોલીબોલની રમત રમાયેલ. જેમાં ૧૭ ટીમ ક્રિકેટ, ૧૯ ટીમ વોલીબોલ, તેમાં ફાઈનલમાં વિજેતા



ટીમોને યજમાનોએ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા. વિજેતા ટીમોને પ્રત્યેક ખેલાડીને સિલ્વર ટ્રોફી આપીને નવાજવામાં આવ્યા હતા. બપોરપછીના કથા સત્રમાં પાલખીમાં બિરાજમાન પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસહજાનંદ સ્વામી સભામાં આગમન ફુલડાઓના વધામણાથી થયું હતું. તેમજ અબ્દાગીરીઓ, છડીઓ, નેજા નિશાન, સૂર્યમુખી, છતર વગેરે શોભાયુક્ત અત્તરની ફોરમફોર સાથે કંકુ ચોખ્ખાથી શ્રીસહજાનંદ સ્વામીને વધાવ્યા હતા. તેમજ ભવ્ય રાસોત્સવની રંગત જામી હતી.

ઉત્સવના ચોથા દિવસે કથા મંડપમાં ભવ્ય પંદર ફૂટ ઊંચો ફુલ હિંડોળો બાંધી શ્રીહરિકૃષ્ણ મહારાજને ઝુલાવી લાખો ગુલાબના પુષ્પોથી વધાવ્યા હતા. પધારેલા પ.પૂ. આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું મહંત સ્વામીએ સ્વાગત કર્યું હતું. તેમજ સર્વ સંતોનું યજમાનો પૂજન કર્યું હતું. તેમજ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળની ધાર્મિક પરીક્ષા લેવાયેલ. તેમાં યુવતીઓ સારા માર્કસ મેળવેલ તેને ઈનામ સાં.યો. બહેનોના હસ્તે મંદિરમાં અપાયા હતા.

બહેનોએ માથા ઉપર હેલ રાખીને રાસોત્સવનો આનંદ માણયો હતો. તેમજ યજમાનશ્રીઓએ પિંડોરીયા પરિવારની નિહાણીઓને પહેરામણી આપી રાજી કર્યા હતા. ઉત્સવમાં કચ્છના સાંખ્યયોગી બહેનો ૫ દિવસ પધારેલ હતા.

કથા ઉત્સવના પાંચમા દિવસે સવારના શ્રીઠાકોરજીની ભવ્ય નગરયાત્રામાં કચ્છ ચોવીસી તથા માંડવી વાડી વિસ્તારની યુવક મંડળની વાજિંત્ર મંડળીઓ જોડાઈ શોભા વધારી ઉત્સાહ વધાર્યો હતો. બેન્ટપાર્ટીના યુવાનો આમ હજારો ભક્તો નગરયાત્રામાં જોડાયા હતા.

સભા સ્થાનો પ.પૂ. આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભુજના મહંત સ્વામી ધર્મનંદનદાસજીના વરદ્ હસ્તે યજમાનશ્રીઓને ભુજ, માંડવી મંદિર તરફથી પહેરામણીઓ કરાઈ હતી.

શ્રીઠાકોરજી આગળ આજે શ્રીનરનારાયણદેવ જંયતી પર્વ હોવાથી ફુલડોલોત્સવમાં ઠાકોરજીને વિરાજમાન કરી ઝુલાવ્યા હતા.

૧૦-૩૦ કલાકે આચાર્ય મહારાજશ્રી તથા યજમાનોના હસ્તે ભવ્ય રંગોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

ઉપરોક્ત કથા પ્રસંગમાં પ.પૂ. મહારાજશ્રી, મહંત સ્વામી, શ્રીહરિ સ્વામી, વગેરે સંતોના આશીર્વચનોનો લાભ સાંપડ્યો હતો.

પંચાહ્ન પારાયણ અંતર્ગત આવેલા વિવિધ ઉત્સવોમાં ઉત્સાહ પ્રેરીને સેવા આપનારા સ્વામી માધવપ્રિયદાસજી તથા સ્વામી ઘનશ્યામનંદનદાસજી તેમજ ઉત્સવના માર્ગદર્શન માંડવી મંદિરના મહંત સ્વામી દેવકૃષ્ણદાસજી તથા સ્વામી શ્રીહરિદાસજી એવમ્ કોઠારી સ્વામી દેવસ્વરૂપદાસજીએ પુરું પાડ્યું હતું.

રાત્રીના કાર્યક્રમ :- માનકુવા શ્રીસહજાનંદ ગુરુકુલ તથા માંડવી શ્રીસ્વામિનારાયણ સંસ્કાર ધામના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો જીવનમાં પ્રેરણાદાયક રહ્યા હતા. તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળની સભા યોજાઈ હતી.

આ ઉત્સવ અંતર્ગત ગાયોને દરરોજ લીલો ઘાસચારો નીરવામાં આવ્યો હતો. તેમજ ભુજ મંદિર હેઠળ ચાલતી શૈક્ષણિક સંસ્થાઓના બાળકોને ભોજન પ્રસાદ આપવામાં આવ્યો હતો. ભુજ, માંડવી, અંજાર, ભુજ પ્રસાદી મંદિર વગેરે સ્થાને રસોઈ, થાળ, ભેટ અપાઈ હતી.

ઉપરોક્ત ઉત્સવમાં પ્રેરણાદાયી બળ તથા સત્સંગનું બળ આપનાર તેમજ બહેનોને ધર્મ પાલનનું બળ આપનારા માંડવીના સાં.યો. કાનબાઈ તથા સાં.યો. અમરબાઈ તથા સાં.યો. પુષ્પાબેન કરસન આસાણી આ ત્રણ બહેનોએ ઉત્સાહ પ્રેરણાબળ પુરું પાડ્યું હતું.

આ પંચાહ્ન પરાયણ જ્ઞાનયજ્ઞ એવમ રંગોત્સવ તથા સંપૂર્ણ ઉત્સવના યજમાનશ્રીઓ અ.નિ. દાદાશ્રી રવજી ગોવિંદ પિંડોરીયા, અ.નિ. દાદીમા પ્રેમબાઈ રવજી, પિતાશ્રી માવજી રવજી પિંડોરીયા, અ.નિ. માતુશ્રી ધનબાઈ માવજી, શ્રીમાન લાલજીભાઈ માવજી પિંડોરીયા ધ.પ. મંજુબેન લાલજી, પુત્ર મલ્હાર લાલજી પિંડોરીયા ધ.પ. વનિતાબેન મલ્હાર, પુત્ર કલ્પેશ લાલજી પિંડોરીયા ધ.પ. સવિતાબેન કલ્પેશ, પુત્ર રૂપેશ લાલજી પિંડોરીયા ધ.પ. સેજુલબેન રૂપેશ, જમાઈ કલ્યાણ મેઘજી ભુડીયા ધ.પ. રક્ષાબેન કલ્યાણ રહ્યા હતા.

અહેવાલ :- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી, માંડવી

# સહજાનંદ પંચાબ્દી મહોત્સવ, થાણા-મુંબઈ

ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન થાણાનો પાંચમો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સાથે ઉજવાઈ ગયો. તા. ૧૭-૨ના રોજ મુખ્ય યજમાન અ.નિ. રતનશીભાઈ જેઠા ખુથીયા પરિવારના ઘરથી પોથીયાત્રા નીકળી હતી. વાજતે ગાજતે સભામંડપમાં આવ્યા બાદ યજમાન પરિવાર દ્વારા પુસ્તક પૂજન તથા વ્યાસ પૂજન કરવામાં આવ્યું હતું.

મોટા સંતોના વરદ્હસ્તે દીપ પ્રાગટ્ય કર્યા બાદ પૂજ્ય વક્તા દ્વારા કથાનો પ્રારંભ થયો. પહેલા દિવસે જ શ્રીનરનારાયણદેવ જયંતીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. બીજે દિવસે શ્રીઘનશ્યામ જન્મોત્સવ પણ અતિ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ત્રીજા દિવસે શ્રીહરિનો પટાભિષેક, શાકોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો ઉજવવામાં આવ્યા હતા. તા. ૨૧ના રોજ સત્સંગ ભવનમાં બિરાજતા શ્રીઠાકોરજીનો પંચામૃત મહાભિષેક કરવામાં આવ્યો હતો અને આજના દિવસે થાણા શહેરમાં શ્રીઠાકોરજી તથા પૂ. આચાર્ય મહારાજશ્રીની નગરયાત્રા કરવામાં આવી હતી. હજારો શહેરના લોકો દર્શન કરી ધન્ય બન્યા હતા. બહેનો માટે મહિલામંચનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજીની આજ્ઞા અને આશીર્વાદ સાથે આ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. મુખ્ય યજમાન ખુથીયા પરિવાર રહ્યો હતો. આ સિવાય બીજા વાગડના પટેલ હરિભક્તો યજમાન બની પોતાનું યોગદાન આપ્યું હતું. શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, પુ. સ્વામી દેવવિહારીદાસજી આદિ સંતો વક્તા સ્થાનેથી કથાનું પોતાની સરળ શૈલીમાં રસપાન કરાવ્યું હતું. દરરોજના ઉત્સવની ગોઠવણી પૂ. સ્વામી રામપ્રિયદાસજી કરી હતી. સંગીતમાં પુ. સ્વામી ભક્તિવેદાંતદાસજીએ સહયોગ આપ્યો હતો. સંતોના ભંડારની સેવા સ્વામી નૌતમમુનિદાસજી, સ્વામી મુકુંદમુનિદાસજી તથા સ્વામી વિવેકમુનિદાસજીએ સંભાળી હતી. આવનાર મહેમાનો કથાભિલાષી ભક્તોને ૭ દિવસ મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી હતી. આ ઉત્સવમાં જેમની આર્થિક સેવા હતી તેવા યજમાનોને પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પૂ. મહંત સ્વામીના વરદ્હસ્તે પ્રસન્નતાની પહેરામણી સાથે આશીર્વાદ આપવામાં આવ્યા હતા. સત્સંગ ભવનના કાર્યકર્તા તથા સંતોની આજ્ઞા પ્રમાણે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી મંડળના બહેનો ખૂબ જ રાતદિવસ જોયા વિના સેવામાં સહયોગ આપ્યો હતો. બહેનોને સત્સંગનો લાભ મળી રહે એવા હેતુથી વાગડ સેલારીના સાં.યો. રમીલાબેન તથા બીજા સાં.યો. બહેનો પધાર્યા હતા. સભાનું સંચાલન શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી તથા શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કર્યું હતું. શ્રીનરનારાયણદેવની કૃપાથી ઉત્સવ ધામધૂમથી સંપન્ન થયો હતો.

અહેવાલ :- મંત્રીશ્રી ભચુભાઈ રાવરીયા

**:: શ્રી ઘનશ્યામ દશાબ્દી બાલ મંચ ::**

ભુજ મંદિર સંચાલિત શ્રી ઘનશ્યામ બાળ મંડળના બાળકો માટે નિવાસી દશાબ્દી બાલ મંચનું આયોજન આગામી તા. ૨૦ થી ૨૨ મે ૨૦૧૬ એમ ત્રણ દિવસ રાખેલ છે. ૮ થી ૧૫ વરસના બાળકો ફોર્મ ભરી ભાગ લઈ શકશે. ફોર્મ કેન્દ્ર સંચાલક પાસેથી મળશે.

**:: સંપર્ક ::**

મો. ૯૫૮૬૮૦૫૧૫૩/૯૯૭૯૭૧૪૪૮૮

# શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજીમાં
# શાકોત્સવ એવમ્ આનંદોત્સવની ભવ્ય ઉજવણી સંપન્ન.....

દિનાંકઃ ૦૬/૦૩/૨૦૧૬, રવિવારના રોજ તીર્થધામ ગંગાજીના તટે વિદ્યમાન શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજીના પ્રાંગણમાં ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સાનિધ્યમાં પૂજનીય સંતો,હરિભક્તો,માનવંતા મહેમાનો,વાલીશ્રીઓ, કર્મચારી ગણ અને શ્રીજીને વાહલા વિદ્યાર્થીઓની બહુસંખ્યામાં સાં.યો.મહંત અમરબાઈ દેવજી કેરાઈ શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર, રામપર (જુનોવાસ)ના મુખ્ય યજમાન પદે શાકોત્સવ એવમ્ આનંદોત્સવની ભવ્યાતી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગને દિવ્યતા અને સફળતા અપાવવા શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજથી સદ્. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી, મંડળધારી સદ્.પુરાણી સ્વામી ધર્મપ્રસાદદાસજી, સદ્. પુરાણી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સદ્. પુરાણી સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્. પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સંસ્થા પ્રમુખ સદ્. પુરાણી સ્વામી વિશ્વવલ્લભદાસજી, સદ્. પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્. પુરાણી સ્વામી શાંતિપ્રિયદાસજી, સદ્. પુરાણી સ્વામી પરમહંસદાસજી, પ્રસાદી મંદિરના મહંત સદ્. પુરાણી સ્વામી ભગવતજીવનદાસજી, સદ્. પુરાણી સ્વામી અદ્ભુતચરણદાસજી, સદ્. પુરાણી સ્વામી કેશવજીવનદાસજી, સદ્. પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી ધર્મચરણદાસજી, પુરાણી સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી કેશવપ્રિયદાસજી, પુરાણી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી, પુરાણી સ્વામી ત્યાગવલ્લભદાસજી આદિ નાના - મોટા ૫૦ જેટલા સંતો અને ૬૫ જેટલા તપસ્વીની સાંખ્યયોગી માતાઓ પધાર્યા હતા.

શ્રીહરિની ચરણ રજથી પવિત્ર તીર્થધામ ગંગાજીના પાવન તટે વિદ્યમાન વિદ્યાધામ તપોવન ગુરુકુલના વિશાળ પ્રાંગણમાં પ્રાતઃકાળે ભગવાન સૂર્યનારાયણના આગમન સાથે જ સંગીતકાર સ્વામી અક્ષરમુક્તદાસજીએ મધુર કંઠે તબલચી સ્વામી કપિલમુનિદાસજી દ્વારા તબલાની સંગત સંગાથે સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સંકીર્તન દ્વારા ઉત્સવનો શુભારંભ કર્યો.

ઉત્સવની શોભા અને ઓળખ સમાન શ્વેત ધ્વજને સહસન્માન ધ્વજપોલના સ્થાને લઈ જઈ વડીલ સંતો તેમજ યજમાનશ્રીના વરદ્ હસ્તે મુક્ત ગગનમાં લહેરાવ્યા બાદ તપોવન ગુરુકુલની કુલ વિદ્યાર્થી સંખ્યાના ગંગા, યમુના અને સરસ્વતી કુલ ત્રણ વિભાગના નિશ્ચિત મુખ્ય રંગ લાલ, પીળો અને વાદળી રંગના ધ્વજને યથા સ્થાને આરોપવામાં આવેલ. અંધકાર પર પ્રકાશના વિજયની ભાવના વ્યક્ત કરનાર મસાલની પવિત્ર અગ્નિ વડે અને પૂજ્ય સંતોના કંઠે શાસ્ત્રોક્ત મંત્રોના ગાયનસહ દીપ પ્રાગટ્ય વિધિ સંપન્ન થઈ.

વિદ્વાન યુવા વકતા શાસ્ત્રી સ્વામી વેદાંતસ્વરૂપદાસજી દ્વારા તેમની આગવી શૈલી આનંદી અદામાં આજથી અંદાજીત ૧૯૫ વર્ષ પૂર્વે સંવત ૧૮૭૭ની સાલમાં પ્રગટ પુરૂષોત્તમ ભગવાન સ્વામિનારાયણે સખા ભક્ત સુરાખાચરના સદ્

મનોરથને પૂર્ણ કરવા લોયા ગામે સ્વહસ્તે કરેલ પ્રથમ શાકોત્સવની અલૌકિક કથાના શબ્દો જ્યારે વ્યાસાસનોથી રેલાવા લાગ્યા અને સ્વામી સત્યજીવનદાસજીના માર્ગદર્શન હેઠળ તત્કાલીન ગ્રામ્ય સંસ્કૃતિનું દર્શન કરાવતી સાજ સજ્જા સહ કથામાં આવતા લીલા પ્રસંગો જેમકે, લોયામાં મહારાજના આગમન સમયે સુરાબાપુ અને ગ્રામજનોનો આનંદ, ૧૨ મણ ઘીનો વઘાર કરતા શ્રીહરિ, દોડી દોડીને વઘારનો તમામ પ્રકારનો મસાલો તેમજ વૈતાંક (રીંગણ) લાવતા હરિભક્તો, અલૌકિક લીલાને માણવા પધારેલા શિવ બ્રહ્માદિક દેવોની પ્રસન્નતા આદિક પ્રસંગોને અભિનયના રૂપમાં કંડારીને તપોવન ગુરુકુલના બાળકો દ્વારા જ્યારે રજુઆત થતી રહી ત્યારે સમગ્ર વાતાવરણ લોયામાં થયેલ લીલાની ઝાંખી કરાવતું હતું.

આ પાવન પ્રસંગે સત્સંગ વિચરણાર્થે આફ્રિકાના દેશોમાં સતત છ માસ સુધી રહી હરિભક્તોને સત્સંગના માધ્યમથી સુખીયા કરી માદરે વતન પરત પધારેલા તપોવન ગુરુકુલના સંચાલક સંત મંડળ પૈકી સદ્. પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્. પુરાણી સ્વામી શાંતિપ્રિયદાસજી, પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી, પુરાણી સ્વામી કેશવપ્રિયદાસજી, પુરાણી સ્વામી દેવનંદનદાસજી અને પુરાણી સ્વામી દિવ્યમુનિદાસજીનું પ્રસાદીની પુષ્પમાળા, સાલ અને સુખડની માળા વડે સંસ્થાના હરિભક્ત ટ્રસ્ટીશ્રીઓ દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. ગુરુકુલ પ્રત્યે સદૈવ પોતિકો ભાવ વ્યક્ત કરનાર અને સમગ્ર ઉત્સવનું યજમાન પદ શોભાવનાર સાં.યો.અમરબાઇ દેવજી કેરાઇ - મહંત શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર, રામપર (જુનોવાસ)નું તેમજ તેમના પરિવારજનો પિતાશ્રી પ.ભ. દેવજીભાઇ રામજીભાઇ કેરાઇ, ભાઇ પ.ભ.શ્રી વાલજીભાઇ અને પ.ભ.શ્રી ધનજીભાઈનું પ્રતિક ભેટ દ્વારા બહુમાન અર્પણ કરી સંસ્થા પરિવારે ધન્યવાદ અને આભારની લાગણી વ્યક્ત કરી હતી. શાકોત્સવ એવમ્ આનંદોત્સવનું આયોજન, સચિત્ર કથા, વિવિધ રમતો અને સુશોભનથી અતિ પ્રભાવિત થયેલા ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પ્રવર્તમાન સત્સંગના સ્તંભ સમાન સદ્. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ આર્શીવચન આપતી વેળાએ ભાવનાત્મક શબ્દામૃતથી કહ્યું હતું કે, 'શાકોત્સવ તો ઘણા જોયા પણ આવો શાકોત્સવ પહેલી વખત જોવા મળ્યો' એ ભાવ વ્યક્ત કરી તપોવન ગુરુકુલ પ્રત્યે ખુબ રાજીપો દર્શાવેલ.

રંગબેરંગી વિવિધ વસ્ત્રોથી સુશોભિત ગુરુકુલના બાળકો દ્વારા પ્રદર્શિત બંધન, ગુંલાટ, દીપક, હાથ - પગી, ઘુંટણ, કોથળા, ટાયર અને ઈયળ આદિ વિવિધ દોડની રમતો અને શંકુ, સિંહાસન, ગઢ, લીટલ, મુગટ, દંડ, કમળ, ઈજીપ્ત, દેવાલય અને શેષ શૈયા આદિ પિરામીડની રચનાએ સૌ ઉપસ્થિતોને મુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે યાંત્રિક યુગમાં દરેક ધોરણના બાળકોને જીવંત અને ઈન્ટરનેટના માધ્યમથી શિક્ષણ મેળવવા અને આપવા માટે વિશાળ અને વાતાનૂકુલિત મલ્ટિમિડીયા હોલ અને ૬૦ કોમ્પ્યુટરથી સજ્જ અદ્યતન કોમ્પ્યુટર લેબોરેટરીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ગામ રામપરના હાલે લંડન નિવાસી પ.ભ.શ્રી વનીતાબેન હીરજીભાઇ વાલજીભાઇ હીરાણી, સુપુત્ર રાજેશભાઇ સહ પરિવારે ઉછમણીનો સૌથી ઊંચો આંક આપીને મલ્ટિમિડીયા હોલના ઉદ્‌ઘાટનનો લાભ લીધો હતો. પ.ભ.શ્રી પરબતભાઈ પ્રેમજીભાઇ રાજાણી - રામપર, પ.ભ.શ્રી ગોવિંદભાઈ ધનજીભાઇ રાબડીયા - રામપર, પ.ભ.શ્રી કરસનભાઈ મનજીભાઈ હીરાણી - રામપર, પ.ભ.શ્રી મુળજીભાઇ કરસનભાઇ શીયાણી - ભુજ, પ.ભ.શ્રી પ્રેમજીભાઇ મુળજી કેરાઇ - રામપર આદિ ભક્ત

સમુદાયે વિદ્યાર્થીઓની મહેનત અને કૌશલ્યોને નિહાળી તેમજ શાકોત્સવ એવમ્ આનંદોત્સવ પ્રત્યે અહો ભાવ વ્યક્ત કરતા દાનનો પ્રવાહ વહેવડાવી શ્રીજી મહારાજ અને સંતોના રૂડા આર્શીવાદના અધિકારી બની કૃતાર્થ થયા હતા.


" સેવા હૈ યજ્ઞકુંડ સમિધા બન હમ જલેં "

એવા પવિત્ર ભાવને હૃદયમાં ધરી શાકોત્સવ નિમિત્તે રસોઈ બનાવવાની અને પીરસવાની સેવા રામપર (બન્ને વાસ), વેકરા, વાડાસર અને સરલી ગામના હરિભક્તો તેમજ કચ્છ શ્રીનરનારાયણ દેવ યુવક મંડળના યુવાનો અને યુવતી મંડળની બહેનોએ નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરી હતી. પ.ભ.શ્રી દેવજીભાઇ ધનજીભાઇ વેકરીયા, સુપુત્ર - મનસુખભાઇ અને મુકેશભાઇ સહ પરિવારે આ શુભ અવસરે ઉત્સવ નિમિત્તે ગાયોને નીરણ આપી ઉત્સવની ગરિમામાં વધારો કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુરુકુલ સંચાલક સંત મંડળ, ટ્રસ્ટીશ્રીઓ, શિક્ષણ સમિતિના સદસ્યો, વિદ્યાલય તથા ગુરુકુલ વિભાગના કર્મચારીઓ અને સર્વે વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ : પ્રધાનાચાર્ય, શ્રીહરિ વિદ્યામંદિર

## ફુલદોલોત્સવ, નડિયાદ



ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવનમાં તા. ૨૩-૩-૨૦૧૬ ફાગણ સુદ પૂનમના દિવસે સવારે ૭ થી ૮ વાગ્યા દરમ્યાન ભરતખંડના રાજા શ્રીનરનારાયણદેવનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો. સવારે ૭:૧૫ કલાકે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં આરતી કરવામાં આવી હતી. ઠાકોરજીને ફુલના હિંડોળે પધરાવી ઝુલાવવામાં આવ્યા હતા. આરતી પહેલાં સંતોએ શ્રીનરનારાયણદેવના જન્મની કથા કરી હતી. રાત્રે ૮:૩૦ થી ૯:૩૦ સુધી શ્રી સાર્વમંગલ નામાવલિના ૧૦૦૦ નામથી શ્રીનરનારાયણાદિ દેવોનું તુલસીપત્ર તથા ચોખાથી પૂજન કરવામાં આવ્યું હતું.

ચારસોથી વધુ બહેનો પુરુષો ભક્તોએ લાભ લીધો હતો. ભુજથી પધારેલા સંતોના સાંનિધ્યમાં આ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, પુ. સ્વામી ધર્મવિહારીદાસજી, શા. સ્વામી લક્ષ્મપ્રકાશદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી આદિ સંતોએ આ ઉત્સવમાં હાજરી આપી દિવ્યતા અર્પી હતી. અને ઉત્સવના ત્રણ યજમાનો ફુલદોલોત્સવના યજમાન પ.ભ. રામજીભાઈ મેઘજી પોકાર, મહાપ્રસાદના યજમાન પ.ભ. મનજીભાઈ માવજી ચૌવાણ, સર્વમંગલ પૂજનના યજમાન પ.ભ. ગોપાલભાઈ ધનજી સાંખલા યજમાન થઈ ધન્ય થયા હતા.

સમગ્ર આયોજન કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ સક્રિય ભાગ લઈ શોભાવ્યું હતું.

અહેવાલ :- પ્રમુખશ્રી, રામજીભાઈ નારણ નાકરાણી

# વિદેશ સમાચાર



## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, ઈસ્ટ લંડન મધ્યે વિવિધ ઉત્સવો

ઠાકરથાળી :-

તા. ૧૩-૧૨-૨૦૧૫ને રવિવારે પ.ભ. દેવશીભાઈ કરસનભાઈ હિરાણી પરિવાર - ભારાસરવાળા તરફથી વર્ષગાંઠ નિમિત્તે, તા. ૨૦-૧૨-૨૦૧૫ રવિવારે પ.ભ. હિતેનભાઈ સતીષભાઈ પટેલ ધ.પ. અર્ચનાબેન હિતેનભાઈ પટેલ - કેરીઆઈ લગ્ન વર્ષગાંઠ નિમિત્તે, તા. ૩૧-૧-૨૦૧૬ને રવિવારે પ.ભ. જીવબાઈ શામજી મેઘજી શીયાણી પરિવાર વર્ષગાંઠ નિમિત્તે, માનકુવા, તા. ૨૦-૨-૨૦૧૬ રવિવારે પ.ભ. દેવશીભાઈ શામજીભાઈ શીયાણી પરિવાર, માનકુવા, તા. ૨૭-૨-૨૦૧૬ રવિવારે પ.ભ. લક્ષ્મણભાઈ હિરાણી પરિવાર કુમાર દર્શના જન્મ નિમિત્તે, મેઘપર, તા. ૨૮-૨-૨૦૧૬ રવિવારે પ.ભ. વાઘજીભાઈ લાલજીભાઈ વેકરીયા પરિવાર, માનકુવા આદિ પરિવારો તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ.

-યુ.કે.માં નાતાલની રજા એક્સમેસ ડે :-

તા. ૨૫-૧૨-૨૦૧૫ને શુક્રવારે આખો દિવસ મંદિરે દર વર્ષની માફક આ વર્ષે પણ ગમ્મત સાથે જ્ઞાનથી બાળકો, વડીલોને જમાડ્યા, રમાડ્યા અને ઈનામ વિતરણ કરેલ. આ દિને ભોજનના યજમાન અ.નિ. પ.ભ. ધનજીભાઈ કરસન રાઘવાણી હસ્તે સુપુત્રી શાંતાબેન ગોવિંદ પિંડોરીયા પરિવાર હતા. સાથે અ.નિ. કરસનભાઈ વાલજી પિંડોરીયાની પુણ્યસ્મૃતિ નિમિત્તે ભોજનના યજમાન રહ્યા હતા.

તા. ૧૫-૧૨-૨૦૧૫ને મંગળવારે વિનાયકી ચોથ દિને સર્વે સત્સંગીઓ સાથએ મળીને સંપૂર્ણ વચનામૃત પાઠ કરેલ. મહારાજ, સંતોનો રાજીપો મેળવેલ.

અ. :- મંત્રીશ્રી, અરવિંદભાઈ વેકરીયા

## શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામ મધ્યે ઠાકરથાળી ઉત્સવ

તા. ૨૭-૨-૨૦૧૬ શનિવારના ગામ કેરાના પ.ભ. હિતેશભાઈ પરબત ભુડીયાના જન્મદિવસ નિમિત્તે રાખવામાં આવેલ હતી.

તા. ૫-૩-૨૦૧૬ શનિવારના એકાદશીના દિવસે ગામ નારણપર નીચલાવાસમાં ભાઈઓનું નવું નૂતન મંદિર નિમિત્તે સર્વે હરિભક્તો સાથે મળીને ઠાકરથાળી ઉત્સવ રાખેલ હતો.

ભુજથી પધારેલ સંતો પણ રાસોત્સવમાં લાભ લીધો હતો.

અ. :- નારણભાઈ કારા

## શ્રી સ્વામિનારાયણ મંદિર, ઓલ્ડહામની કાર્યવાહક કમીટી

શ્રી સ્વામિનારાયણ મંદિર, ઓલ્ડહામની વાર્ષિક સભા રવિવાર તા. ૨૧-૨-૨૦૧૬ના રોજ રાખવામાં આવેલ. જેમાં આવક-જાવકના હિસાબો વાંચી સંભળાવવામાં આવેલ. અને કાર્યવાહક સમિતિની ચૂંટણી કરવામાં આવેલ જેમાં નીજે મુજબના સભ્યોની નિમણૂંક થયેલ છે.

પ્રમુખશ્રી : હિતેશ પરબત ભુડીયા - કેરા, ઉપપ્રમુખશ્રી : ભીમજી કલ્યાણ વેકરીયા - બળદીયા, મંત્રીશ્રી : હરજી કલ્યાણ વેકરીયા - બળદીયા, ઉપમંત્રીશ્રી વાલજી રામજી વેકરીયા - બળદીયા, ખજાનચીશ્રી અનિલ ધનજી કારા - દહીંસરા, ઉપખજાનચી જીતેન્દ્ર ભીમજી કારા - દહીંસરા, કોઠારી શિવજી કરસન કેરાઈ - નારણપર, ઉપકોઠારી કાનજી લાલજી હીરાણી - બળદીયા, સભ્યો : પ્રવિણ મુળજી વેકરીયા - બળદીયા, વિનોદ પરબત વેકરીયા - નારણપર, સુરેશ પ્રેમજી ગોરસીયા - નારણપર, ગોવિંદ રામજી વેકરીયા - બળદીયા, પરેશ હિતેશ ભુડીયા - કેરા.

અ. ભીમજી કલ્યાણ વેકરીયા

# છોકરાનાં ચીભડા




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાલમિત્રો ! જયશ્રી સ્વામિનારાયણ, આપણી પાસે જે કાંઇ પણ સારી વસ્તુ જે આપને ગમતી હોય એ પહેલા ભગવાનને આપવી જોઇએ. પ્રસાદીની કરાવી પછી એનો ઉપયોગ કરવો જોઇએ. ભગવાનને અર્પણ કર્યા વિના વાપરિએ તો ભગવાનના ચોર કહેવાઇયે માટે ઘરમાં આવેલી વસ્તુ ભગવાનને અર્પણ કરીને વાપરવી જોઇએ.

એક સમયે શ્રીજી મહારાજ વડતાલ ધામમાં વિરાજમાન હતાં. વડતાલથી થોડે દૂર આવેલ ગામડામાં એક ખેડુતનો છોકરો રહે. શ્રીજી મહારાજની ભકિતના રંગે રંગેયાલો હતો. નિત્ય સંતોનો સંગ કરે.

આ છોકરો ગરીબ ખેડૂત કુટુંબનો હતો. તેને ચીભડાંની એક વાડી હતી.શ્રીજી મહારાજની કૃપાથી વાડીમાં સુંદર ચીભડાં થયાં હતાં. ચીભડાં પાક્યા એટલે છોકરાના મન વિચાર આવ્યો કે સંતોએ કહ્યું છે કે આપણી પાસે જે સારું હોય એ પહેલાં ભગવાનને ધરાવવું જોઇએ,પછી જ એનો ઉપયોગ કરવો. એણે નિશ્ચય કર્યો કે પહેલાં ચીભડાં તો શ્રીજી મહારાજ ને જ અપાય.

છોકરાએ તો સારાં સારાં પાકેલા સુંદર ચીભડાંની ઝોળી ભરી. ઝોળી ખંભે મુકીને ચીભડાં શ્રીજી મહારાજને આપવા માટે વડતાલ ધામ તરફ ચાલ્યો. થોડુંક ચાલ્યો ત્યાં ચીભડાની સુગંધથી તેનું મન લલચાયું. ચીભડાં ખાવાનું મન થયું.પણ એણે મનને પાછું વાળી લીધું. થોડે દૂર સુધી ચાલ્યો ત્યાં નદી આવી. પાણી પીધું,ઉપર સૂર્યનો તાપ પડે. ભૂખ પણ લાગી છે. ફરી મનમાં ખાવાની ઇચ્છા થઇ.લાવને એક ચીભડું તો ખાઉં. બીજા ચીભડાં છે જ ને! મહારાજ માટે તો ઘણા માણસો મોટી મોટી ભેટ આપે, એમાં મારાં ચીભડાં કાંઇ પસંદ નહિ પડે,માટે એક ચીભડું ખાઇ જ જાઉં. ઝોળી નીચે ઉતારી ચપું કાઢી જયાં મારવા જાય ત્યાં વળી અંદરથી અવાજ આવ્યો ના,ના, મારાથી ન ખવાય આ તો મહારાજ માટે છે. ચીભડાં થોળીમાં નાખી ઝોળી ખંભે લટકાવી થોડો આગળ ચાલ્યો, પણ ચીભડાંની સુંદર મજાની સુગંધ આવતી હતી. એને થયું કે કેવા મજાનાં સ્વાદીષ્ટ ચીભડાં છે. લાવને જરા ચાખી તો જોઉં, આમ વિચારી ઊભો રહ્યો. ખંભેથી ઝોળી ઉતારીને જમીન પર મુકી .પણ તરત જ એના મનમાં વિચાર આવ્યો ના...ના...આ ચીભડાં કાંઇ મારા નથી,ચીભડાં તો શ્રીજી મહારાજ ના છે. શ્રીજી મહારાજના ચીભડાં મારાથી ન ખવાય આ ચીભડાં ખાઉં તો, મેં ચોરી કરી કહેવાય.

આમ વિચારી ચીભડાંની ઝોળી ખંભા પર મુકી વડતાલ પહોંચ્યો. ત્યારે શ્રીજી મહારાજ સભા ભરીને બેઠા હતા. સભામાં અનેક સંતો અને હરિભક્તો પણ બેઠા હતા. ત્યાં એ છોકરો આવીને ચીભડાંની ઝોળી લઇને દૂર ઊભો રહ્યો. છોકરો વિચારે છે આવડી મોટી સભામાં હું આ ચીભડાં મહારાજ સુધી કેમ પહોચાડીશ. એ સમયે શ્રીજી મહારાજની નજર એ છોકરા પર પડી. તરત જ શ્રીજી મહારાજે છોકરાને પાસે બોલાવીને કહ્યું ''મારા માટે ચીભડાં લાવ્યો છે ને ?''

છોકરાએ હરખભેર ચીભડાં શ્રીજી મહારાજના ચરણોમાં ધરી દીધા.શ્રીજી મહારાજે તેજ વખતે ચીભડાં માંથી એક ચીરી કાપીને મુખમાં મુકી અને બીજી ચીરી લઇને એ છોકરાને આપી. તે પછી શ્રીજી મહારાજે સ્વહસ્તે તમામ સંતોને અને હરિભક્તોને ચીભડાંની પ્રસાદી આપી અને કહ્યુ : ''છોકરો બહુ ડાહ્યો, બહુ ડાહ્યો ! આ છોકરો તો પોતાના મનને જીતીને અહીં

આવ્યો છે.'' આમ પ્રભુ બાળક ઉપર ખૂબ જ રાજી થયા. છોકરાનો તો આનંદનો કાંઈ પાર જ ન રહ્યો. છોકરો તો વારંવાર શ્રીજી મહારાજને દંડવત્ પ્રણામ કરતો રહ્યો.

આવા કરુણાના સાગર શ્રીજી મહારાજને બાળકો ખૂબ વહાલા હતા.

જોયુંને બાળમિત્રો ! ભગવાનને જમાડીને જમવાથી ભગવાન કેવા રાજી થાય છે. માટે ભગવાનને જમાડ્યા વિના જમવું નહિ. મનના કહેવાથી જ્યાં ત્યાં ખાવું પીવું નહિ. મન સાથે લડાઈ કરીને ભજન કરીશું, તો શ્રીજી મહારાજ બહુ જ રાજી થશે.

## -: જ્ઞાનમાળા:-

૧. શ્રી રામચંદ્ર ભગવાનનો જન્મ કયા યુગમાં થયો હતો?
(અ) દ્વાપર યુગ (બ) કળિયુગ
(ક) સત્ય યુગ (ડ) ત્રેતાયુગ

૨. શ્રી રામચંદ્ર ભગવાનનો જન્મ કયા વંશમાં થયો હતો?
(અ) ચંદ્રવંશ (બ) સુર્યવંશ (ક) કુરુવંશ (ડ) મનુવંશ

૩. શ્રી રામચંદ્ર ભગવાની માતાનું નામ શું હતું?
(અ) અંજના (બ) સુમીત્રા (ક) કૈકેયી (ડ) કૌશલ્યા

૪. રામ ચરિત્ર માનસની રચના કોણે કરેલી છે ?
(અ) સંત તુલસીદાસ (બ) હનુમાનજી
(ક) વાલ્મીકઋષિ (ડ) હરિદાસ

૫. રઘુવંશના કુળગુરુ કોણ હતા?
(અ) વિશ્વામિત્ર (બ) ગર્ગાચાર્ય
(ક) ભૃગુ ઋષિ (ડ) વશિષ્ઠ ઋષિ

૬. શ્રી રામચંદ્ર ભગવાન કેટલા વર્ષ વનમાં રહ્યા હતા?
(અ) ૧૭ (બ) ૧૫ (ક) ૧૮ (ડ) ૧૪

૭. શ્રી રામચંદ્ર ભગવાન સ્થાપિત શિવ લિંગ કયા આવેલું છે ?
(અ) શ્રીલંકા (બ) દ્વારકા (ક) રામેશ્વર (ડ) કાશી

૮. શ્રી રામચંદ્ર ભગવાનને એઠાં બોર કોને જમાડ્યાં હતા ?
(અ) હનુમાનજી (બ) સીતા (ક) કૌશલ્યા (ડ) સબરી

૯. શ્રી રામચંદ્ર ભગવાને ત્યાગેલા સીતાજી વનમાં કોના આશ્રમમાં રહેતા હતા ?
(અ) અનસુયા (બ) પંચટ્ટી
(ક) વાલ્મિક ઋષિ (ડ) કશ્યપમુનિ

૧૦. રામ ભક્ત હનુમાનજીનો જન્મ કયા દિવસે આવે છે?
(અ) ચૈત્ર સુદ ૧૫ (બ) વૈશાખ સુદ ૫
(ક) આસો સુદ ૧૪ (ડ) ચૈત્ર સુદ ૯

## શા માટે ?

કંઠી શા માટે પહેરીએ છીએ ?

કંઠી એ ભગવાન સ્વામિનારાયણની શરણાગતિનું પ્રતીક છે. કે
હું ભગવાનના સમર્પિત છું એનું સતત ભાન કંઠી કરાવે છે.

કંઠી શાની બનેલી હોવી જોઈએ ?

તુલસીની કંઠી ઉત્તમ માનવામાં આવે છે, તુલસીએ સમર્પણનાં દેવી છે. તુલસી અને ભગવાનનો નિત્ય સંબંધ છે તેથી ભગવાન તુલસીને પોતાના ચરણમાં રાખે છે અને કોઈ પણ દાન તુલસી પત્રે અર્પણ કરવામાં આવે છે. તેથી આપણે ભગવાનને અર્પણ થઈ ગયા છીએ આવી ભાવના દ્રઢ થાય છે. અન્ય ચંદનઆદી કાષ્ઠની કંઠી પણ ભગવાનની પ્રસાદીની કરાવીને આ જ ભાવનાથી ધારણ કરવામાં આવે છે.


કંઠી બે સેરની શા માટે હોય છે ?

બે સેર વાળી કંઠી રાધા-કૃષ્ણ એ રીતે યુગલસ્વરૂપની ઉપાસના સૂચવનારી છે.

કંઠી કયારે અને કોની પાસે પહેરવી,,

બાળકનો જન્મ થાય અને સૂતક થી મુક્ત થાય પછી સંતો પાસે વર્તમાન ધરાવી કંઠી પહેરવામાં આવે છે. અને એ કંઠી નિત્ય પહેરી રાખવી. કંઠી પહેર્યા વિના એક પગલું પણ ચાલવું નહિ. તુટી ગયેલી કંઠીને તુલસી કયારામાં કે એવી જગ્યાએ મુકવી કે પગ નીચે ન આવે કે કચરામાં ન ચાલી જાય.

## શબ્દરચના




### -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વે | રા | ષ્ણુ | ચ | વિ | ઘ | વં | મ | ગી | ના | સ | યા | |
| મૃ | ના | જા | દ્ | વ્યા | શિ | સ્ર | ત્સં | ન | ષ | ત્સં | ક્ષા | |
| સિ | જી | હ | મા | વા | ક | ર | પ | સ | કા | ચ | દ્ | |
| પ | વ | શ્રી | ભૂ | ષ | વિ | ણ | તા | ક્ય | ઘ | વ્ય | રિ | |
| ત | ન | દ | લ | મ | દ | ત્રી | ર | વ | મ | લ | શ્રી | ચા |
| દે | ણ | રા | ગી | ન | મ | ભા | દ | રુ | સ | વુ | જ | |
| ભી | ષ્ય | તિ | ર | ઋ | સ | વ | થ | ક | ઘ | ની | ત્ર | |
| ય | દુ | ષ | વ | શિ | ત્રા | વા | દ | ની | ખ | ણ | ચ | |
| હા | રી | ત | સૂ | ર | યો | શા | યુ | ઘ | રા | શ્રી | ષ | |
| ય | તા | હા | ભ | સ્મૃ | સાં | ષિ | ગ | ઘ | વ | ર | દ્ | |
| મ | રિ | ચિ | ફ | લ | ગ | મ્ય | સા | સુ | સ્ત્ર | તા | રુ | |
| તિ | ન | ૮ | ભ | ર | શ્રી | પ | ક્ત | ખ્ય | ર | ય | જ્ઞા | |

**સરનામું**

નામ..........................................................

ગામ ..........................તાલુકો.......................

ઉંમર..........શાળા......................................

ધો......... મો.ન.........................................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલી ભેટની યાદી

- ૫૦૦૦/- લાલજી માવજી પિંડોરીયા સુપુત્રો મલ્હાર, કલ્પેશ અને રૂપેશભાઈ, જમાઈ કલ્યાણ મેઘજી ભુડીયા સહપરિવાર, માંડવી હાલે કેરુગોયા આફ્રિકા, પંચાહ્ન પારાયણ એવમ્ શ્રીહરિ રંગોત્સવ નિમિત્તે ભેટ
- ૧૦૧/- હેતકુમાર દિનેશભાઈ કેરાઈ, અંજાર, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
- ૧૦૫/- વૈદીબેન કાંતિલાલ પિંડોરીયા, સામત્રા, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
- ૧૦૫/- ધ્રુવીબેન કાંતિલાલ પિંડોરીયા, સામત્રા, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
- ૨૫૧/- વિશ્રામ હીરજી વેકરીયા હ. રાધાબેન, નારણપર, સુપુત્ર ચિ. કૌશિકના જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૧૫૧/- પ્રણવકુમાર અશ્વિનભાઈ જેઠી, ભુજ, લગ્ન નિમિત્તે ભેટ
- ૧૧૧/- દિપ વિશાલભાઈ સાંખલા, હ. લાલજીભાઈ સાંખલા, રવાપર હાલે નડિયાદ, જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૧૫૦/- વ્રજકુમાર ઉમેશભાઈ નાકરાણી, હ. દાદા પ્રેમજીભાઈ, આમારા હાલે રણું, જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૨૫૦/- ઉર્વીબેન પ્રવિણભાઈ ભગત, રવાપર હાલે રણું, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
- ૧૦૦/- મણીબેન પ્રેમજીભાઈ નાકરાણી, આમારા હાલે રણું, જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૨૦૦/- શિવજી ભચુ ગામી, કેરા હાલે લંડન, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
- ૧૦૦/- રાધાબાઈ મનજી કેરાઈ, કેરા હાલે નૈરોબી, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
- ૧૦૦/- નીતાબેન નવિનભાઈ કેરાઈ, કેરા હાલે લંડન, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
- ૫૦૦/- અ.નિ. ઝીણા કાનજી હીરાણી, હ. સાં.યો. ધનબાઈ, મદનપુર, અ.નિ. થતાં તેમના મોક્ષાર્થે ભેટ
- ૨૦૧/- પરષોત્તમ લખમણ વાલાણી, બળદીયા, જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૧૫૧/- દિવ્ય અરવિંદભાઈ વસ્તાણી, કેરા, જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૧૦૦/- ખુશી દિપેશભાઈ કેરાઈ, કેરા, જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૨૫૧/- સુમિત લક્ષ્મણ કેરાઈ, કુંદનપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૨૫૧/- ક્રિશ્ન લક્ષ્મણ કેરાઈ, કુંદનપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૨૨૨/- હરિકૃષ્ણ ઈમ્પેક્ષ સાલે, હ. દિપક શીવજી ભુડીયા, નારણપર હાલે મોરોટોનીયા, નવી દુકાનના ઉદ્દ્ઘાટન નિમિત્તે ભેટ
- ૫૦૦/- રમેશ શિવજીભાઈ પટેલ, હ. શિવજીભાઈ, સુરજપર હાલે સીસલ્સ, ચિ. તેજશના જન્મ નિમિત્તે ભેટ
- ૫૦૦/- લાલજી કરસન ગોરસીયા, માધાપર, નવું ટ્રેક્ટર લીધું તે નિમિત્તે ભેટ
- ૧૫૧/- વિશ્રામ સામજી રાબડીયા, સરલી, નવી એક્ટીવા ખરીદી તે નિમિત્તે ભેટ
- ૧૫૧/- ભરતભાઈ પ્રાણલાલભાઈ મહેતા, ભુજ, સ્વાસ્થ્ય બરોબર થઈ જતાં તે નિમિત્તે ભેટ
- ૧૫૧/- વનિતાબેન ધનજીભાઈ સેંઘાણી, નારણપર ઉ.વા., નવી એક્ટીવા ખરીદી તે નિમિત્તે ભેટ



શ્રીહરિ તપોવન ગુરૂકુળ ગંગાજી રામપર-વેકરામાં શાકોત્સવ સાથે આનંદોત્સવ ઉજવાયો.
મલ્ટિમિડીયા હોલનું ઉદ્‌ઘાટન થયું.




 શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન થાણાનો સહજાનંદ પંચાબ્દી મહોત્સવ હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાયો-મુંબઈ

RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2015-2017
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2016/UPTO 31-12-2016



















**માંડવી મંદિરમાં શ્રીહરિ રંગોત્સવ પ.ભ. લાલજીભાઈ માવજી રવજી પિંડોરીયા પરિવાર-માંડવીના યજમાન પદે પુષ્પદોલોત્સવ ધામધૂમથી ઉજવાયો. માંડવી**